

# પંડિતા રમાબાઈની સાક્ષી

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં અન્ય પ્રકાશનો

| | પુસ્તકનું નામ | રૂા. કિંમત |
|---|---|---|
| ૧ | બાઈબલ અભ્યાસ-૧ | ૦૬-૦૦ |
| ૨ | બાઈબલ અભ્યાસ-૨ | ૧૨-૦૦ |
| ૩ | બાઈબલ અભ્યાસ-૩ | ૨૫-૦૦ |
| ૪ | બાઈબલ અભ્યાસ-૫ | ૦૪-૦૦ |
| ૫ | બાઈબલ અભ્યાસ-૬ | ૦૪-૦૦ |
| ૬ | બાઈબલ અભ્યાસ-૮ | ૧૫-૦૦ |
| ૭ | બાઈબલ અભ્યાસ-૯ | ૨૦-૦૦ |
| ૮ | બાઈબલ અભ્યાસ-૧૦ | ૩૦-૦૦ |
| ૯ | બાઈબલ અભ્યાસ-૧૧ | ૧૫-૦૦ |
| ૧૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૧૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૨ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૧૩ | સાધુ સુંદર સિંગ | ૧૫-૦૦ |
| ૧૪ | વાસ્તવિક્તા તથા ધર્મો | ૦૫-૦૦ |
| ૧૫ | આત્મિક જીવન | ૦૪-૦૦ |
| ૧૬ | વધસ્તંભ એ જ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૧૭ | ગુરૂને ચરણે | ૧૦-૦૦ |
| ૧૮ | સાચુ જીવન | ૧૦-૦૦ |
| ૧૯ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૨૦ | સત્યની શોધ | ૧૦-૦૦ |
| ૨૧ | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨૨ | પ્રેષિતોના કાર્ય દ્વારા મળતો ઈશ્વરીય સંદેશો | ૮૦-૦૦ |
| ૨૩ | ફિલિપ્પિનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |

3BGP2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADE HIA
42 CENTRAL E.
CHELTEN , PA 1 2-2103

PANDITA RAMABAI'S TESTIMONY

પરમ વિદુષી - મહાન દેશભક્ત

# પંડિતા રમાબાઈની સાક્ષી

: પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

# PANDITA RAMABAI'S TESTIMONY

# પંડિતા રમાબાઈની સાક્ષી

જેમના હાથ નીચે હજારો અનાથ અને નિરાધાર કન્યાઓને તથા બાળવિધવાઓને કેવળ પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ રાખી ઉછેરવામાં આવી હતી.

**છઠ્ઠી આવૃત્તિ : ૨૦૦૧**

**કિંમત રૂ. ૨૦-૦૦**


**: મુદ્રક :**

**મિલેનીયમ સર્વિસીસ**

રીપબ્લીક ક્રિશ્ચિયન સોસાયટી, જૂના ચર્ચની સામે,

મણિનગર - પૂર્વ, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**ફોન : ૨૭૭૩૯૬૭**



## સ્વ. સિરીલભાઈ તીમોથીભાઈની જીવન ઝરમર

અમારા વહાલા પિતા તથા પૌત્રો, પૌત્રીઓનાં પ્રિય દાદાનો જન્મ તારીખ ૩૦-૮-૧૮૯૫ માં આણંદ તાલુકાના કરમસદ ગામે થયો હતો. વતનની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરીને આગળ અભ્યાસ કરવાની ઇચ્છા હોવા છતાંએ કુટુંબની આર્થિક પરિસ્થિતિને લઈને અભ્યાસ કરી શક્યા નહી. મા-બાપ ખેત-મજૂરી કરીને ગુજરાન ચલાવતાં હોઈ આમદાની ઘણી જ ઓછી હતી તથા જીવન નિર્વાહ કરવામાં પણ મુશ્કેલીઓ ઊભી થતી. તે જમાનામાં ખ્રિસ્તીઓને નોકરી મળવાની મુશ્કેલી હતી અને નાની-મોટી નોકરી મળતી તો પૂરતા નાણાં ન મળતાં. પરિસ્થિતિનો સામનો કરવા તેમણે સગા-સંબંધીઓના સહકારથી મુંબઈમાં નોકરી મેળવી તથા સ્થાયી થતાં આણંદ, લોટીયાભાગોળના મહિડા કુટુંબમાં ૧૯૨૩ માં કેથેરાઈનબહેન સાથે લગ્ન થયાં. લગભગ ૧૩ વર્ષ મુંબઈમાં જ વિતાવ્યા. સુખી દાંપત્ય

જીવનમાં પ્રભુએ તેમને ચાર પુત્રો તથા ચાર પુત્રીઓનું બહોળું કુટુંબ આપ્યું હતું. તેમના જીવનમાં કેથેરાઈનબહેને મહત્ત્વનો ફાળો આપીને બાળકોને સારી રીતે ભણાવી ધાર્મિકતામાં ઉછેર્યાં. કુટુંબના વડા તરીકે બાળકો નિયમિત ધાર્મિક શિક્ષણ મેળવે તેવું ધ્યાન શ્રી સિરીલભાઈ પણ આપતા તથા ચુસ્તપણે પાલન કરાવતા. લગભગ આ બહોળા કુટુંબનો ઉછેર મુંબઈમાં થયો હતો. પરંતુ પોતાનો આગવો ધંધો શરૂ કરવા માટે વતનમાં પાછા ફર્યા હતા. પ્રભુ પિતાની કૃપાથી ધંધો સુંદર રીતે ચાલતો હતો. પરંતુ ૧૯૪૫માં જ્યેષ્ઠ પુત્ર વિલિયમને ટ્રેઈનના અકસ્માતમાં ગુમાવ્યા પછીથી કુટુંબમાં ખૂબ જ બદલાણ આવી ગયું અને જેમ કેથેરાઈનબહેનનો જીવનમાંથી રસ ઉડી ગયો તેમ સિરીલભાઈને પણ મોટા પુત્રના મરણની ઘણી જ અસર થઈ.

પોતાના વતનમાં એ જમાનામાં પટેલોની વસ્તીવાળા ગામમાં તેઓએ ત્યાંની ગ્રામ પંચાયતમાં વાઈસ સરપંચનું પદ પ્રાપ્ત કર્યું હતું તથા લાંબા ગાળા સુધી ગ્રામ પંચાયતમાં રહીને અનેક પ્રજાકિય કાર્યો કર્યા હતાં. જેમ સામાજીક બાબતોમાં તેમને રસ હતો તેવી જ રીતે ધાર્મિક બાબતોમાં પણ ઘણો રસ લેતા. નાતાલના તહેવારોમાં જુદી-જુદી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા તથા બાઇબલમાં આવતા એવા કેટલાય પ્રસંગોને નાટ્યરૂપમાં બદલીને નાટકો પણ કરતા. તેમનું ગોલિયાથનું નાટક ઘણું જ પ્રચલિત થયું હતું.

સ્વભાવે મિલનસાર, પરોણાગત કરનારા, નિયમિત દેવળમાં હાજરી આપવાના તેઓ ઘણાં જ આગ્રહી હતાં. ગમે તેના લગ્ન પ્રસંગ કરતાં મરણ પ્રસંગોમાં અવશ્ય હાજરી આપતા તથા મંડળીમાં આત્મિક નેતાગીરી પૂરી પાડતા. તેમના આવા સ્નેહાળ સ્વભાવને લઈને તેઓ પોતાનાં ભાઈ-બહેનો તથા કુટુંબમાં પણ આદરણીય બન્યા હતા. કુટુંબના કે અન્યના ઝગડા-ટંટાનો પણ સુખરૂપ નીવેડો લાવવામાં અગત્યનો ભાગ ભજવતા.

ધાર્મિક બાબતોના ઘણાં જ હિમાયતી હતા તેથી પ્રભુ ઈસુની તથા ખ્રિસ્તી ધર્મની બાબતે જો કોઈપણ વિરુદ્ધ વાત કરતા તો તેઓ ઉગ્રપણે તેનો પ્રત્યુતર વાળતા તથા સામી વ્યકિતઓને ધર્મની બાબતે મહાત કરતા. જયેષ્ઠ પુત્રના મૃત્યુબાદ તેમની પર બીજો કારમો ઘા કેથેરાઈનબહેનના ઓગષ્ટ, ૧૯૫૮માં થયેલ મૃત્યુથી થયો અને ત્યારબાદ પોતાનો ધંધો આટોપી લીધો.

તેમના જીવનના ૮૩ વર્ષમાં તેઓ પ્રથમ વખત ૧૯૬૯માં બીમાર થતાં એમરી હોસ્પિટલ, આણંદમાં પથારીવશ બન્યા હતાં. પ્રભુપિતાની કૃપાથી ઓપરેશન બાદ સાજાપણું મળ્યું હતું પરંતુ ત્યારપછીનું જીવન વિટંબણાઓથી વિત્યું અને આ સંજોગોમાં વિચાર-વાયુનું દર્દ શરૂ થતાં વારંવાર માંદગીમાં પટકાઈ જવા લાગ્યા. જીવનમાં ઘણાં જ નિયમિત હોવાથી સવારે ૫-૦૦ વાગે ઉઠતાં અને હમેશાં ગમે ત્યાં જવું હોય તોપણ વાહનનો ઉપયોગ ન કરતાં. પગે ચાલીને જવાનું પસંદ કરનાર અને સ્વસ્થ જીવન જીવનાર આ ખડતલ માનવીને ૧૯૭૮ માં હૃદયની બીમારી થતાં આણંદની એમરી હોસ્પિટલમાં દાખલ કરતાં ત્રણ દિવસની ઘણી જ ટૂંકી માંદગી ભોગવીને તા. ૨૯-૨-૧૯૭૮ ના રોજ બાળકો તથા કુટુંબીજનોને પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની આશામાં પ્રભુપિતાના સાન્નિધ્યમાં ચિર વિદાય લીધી.

-પુત્ર,

**પોલ સિરીલ બિશ્વાસ.**

## આટલું તો જાણો જ - વાંચો જ

મહાન દેશભક્ત પંડિતા રમાબાઈ તે અનંત શાસ્ત્રી ડોંગરેનાં દીકરી. માતાનું નામ લક્ષ્મીબાઈ. રમાબાઈનો જન્મ ૨૩મી એપ્રિલ ૧૮૫૮ માં પશ્ચિમ ઘાટ પર આવેલા ગંગામુલ નામના ગામમાં થયો હતો. રમાબાઈ માત્ર છ મહિનાનાં હતાં, ત્યારે એમનું આખું કુટુંબ ભારતયાત્રાએ નીકળી પડ્યું. પગયાત્રામાં તેમને ભારે વિટંબણાઓનો સામનો કરવો પડ્યો. આ કઠોર યાત્રાપ્રવાસમાં રમાબાઈના પિતા, તેમના મા અને એક બહેન મૃત્યુ પામ્યાં. માત્ર રમાબાઈ અને તેમનો ભાઈ શ્રીનિવાસ બચી ગયાં.

ફરતાં ફરતાં બંને ભાઈબહેન કલકત્તામાં આવ્યાં. ત્યાંના બ્રહ્મોસમાજના સુધારકોએ તેમને ઘણી મદદ કરી. ત્યાં તેમને તે સમાજના સ્થાપક કેશવચંદ્ર સેનનો પરિચય થયો. ૨૨ વર્ષની વયે તો ભાગવતપુરાણના અઢાર હજાર શ્લોક બોલી શકતાં.

કલકત્તા પાસેના બાંકિપોરમાં તેમનું લગ્ન થયું. લગ્નના એકાદ વર્ષમાં જ પતિનું મૃત્યુ થતાં રમાબાઈ વિધવા બન્યાં. તે વખતે તે મનોરમા નામની દીકરીના મા બન્યાં હતાં.

આસામના સિલ્ચેર નગરમાં તેમને એલન નામના બાપ્ટિસ્ટ મિશનરીનો પરિચય થયો. આથી તે ખ્રિસ્તી ધર્મ વિશે શીખવા લાગ્યાં. ત્યાંથી પૂના જઈ ૧૮૮૨માં તેમણે આર્ય મહિલા સમાજની સ્થાપના કરી. પાંચમી એપ્રિલ ૧૯૨૨માં આ મહાન સંત, સમાજસુધારક, દીર્ઘદૃષ્ટિ ધરાવનાર ક્રાંતિકારી નેતા અને

સ્ત્રીઓના શિક્ષણ અને ઉત્કર્ષ માટે જિંદગીભર ઝઝૂમનાર મૃત્યુને ભેટયાં.

**રમાબાઈ મુકિત મિશન :** મહારાષ્ટ્રના કેડગાંઉમાં ઈ.સ. ૧૮૯૬માં ત્યકતાઓ, વિધવાઓ અને અનાથો માટે આ ખાસ આશ્રમ પંડિતા રમાબાઈએ સ્થાપ્યો હતો, જેમાં આજે પણ સેંકડો અનાથો, ત્યકતાઓ અને દુઃખિતોને આશ્રય મળે છે. દેશ પરદેશમાં આ આશ્રમની સુવાસ ફેલાયેલી છે.

**ભારતમાં અંધજનોની ખાસ સેવા :** પંડિતા રમાબાઈએ મહારાષ્ટ્રના મુકત ગામમાં અંધ સ્ત્રીપુરુષો અને બાળકો માટે પણ એક શાળા અને આશ્રમની સ્થાપના કરી હતી, ત્યાં તેમણે અંધ બહેનોને શીખવવા ખાસ **બ્રેઈલ લિપિનો** ઉપયોગ કર્યો હતો.

**એક ખ્યાતનામ કેળવણીકાર :** પંડિતા રમાબાઈએ મહારાષ્ટ્રમાં કિંડરગાર્ડન પદ્ધતિએ નાનાં બાળકોને શીખવ્યું. ગ્રામ વિસ્તારનાં ને અનાથ બાળકો માટે પ્રાઈમરી અને સેકન્ડરી સ્કૂલો મુકિત આશ્રમમાં શરૂ કરી. ખાસ કરીને સ્ત્રીઓની મુક્તિ માટે, તેમનાં દુઃખો દૂર કરવા માટે, સ્ત્રીઓમાં જાગૃત્તિ આવે તે માટે તો તેમણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું. સ્ત્રીઓ માટે તેમણે જાત - જાતના ગૃહઉદ્યોગો પણ વિકસાવ્યા. બીજાઓના દુઃખ દૂર કરવાની એક અદમ્ય તમન્ના તેમનામાં હતી અને સમાજને આગળ લઈ જવાની ક્રાંતિકારી વિચારસરણી હતી. કરુણાની ક્રિયાશીલ મૂર્તિ એવાં પંડિતા રમાબાઈ સાચે જ કર્મયોગી અને મહાન દેશભક્ત પણ હતાં.

**ભાષાંતરની સેવા :** પંડિતા રમાબાઈએ પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કરવા સાથે અસલ હિબ્રૂઅને ગ્રીકમાંથી બાઇબલનું મરાઠી ભાષાંતર કર્યું હતું. તેમણે મરાઠી ભાષામાં હિબ્રૂભાષા શીખવતું વ્યાકરણ પણ રચ્યું હતું.

સુવાર્તાપ્રચારમાં અને સમાજસેવાનાં ક્ષેત્રોમાં આ પુસ્તિકાની ખાસ ઉપયોગિતા ધ્યાનમાં લઈ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીએ આ પુસ્તિકાનું પુનઃમુદ્રણ કરવાનો ઠરાવ કર્યો છે. આશા અને પ્રાર્થના છે કે આ ઐતિહાસિક અને પ્રેરણાદાયી પુસ્તિકા સમગ્ર ગુજરાતમાં ખૂબ ઉપયોગી નીવડશે.

**ભગવત પ્રસાદ ચૌહાણ**

**સેક્રેટરી**

# પંડિતા રમાબાઈ

## બે બોલ

પંડિતા રમાબાઈ એ નામ લગભગ તમામ ખ્રિસ્તીને માટે જાણીતું નામ છે. ઘણે અંશે ભારતમાં પણ જાણીતું નામ છે. પંડિતા રમાબાઈને એક નામ કે અમુક બાબતો સાથે સાંકળવા એ તેમની બહુમુખી પ્રતિભાને અન્યાય કર્યા બરાબર ગણાશે. ઓગણીસમી સદીના ભારતમાં તેમનો જન્મ થયો હતો. તે વખતનું ભારત, ભારતનો સમાજ અને સંસ્કૃતિથી આપણે વાકેફ છીએ. તેવા સમયમાં એક સમાજ સુધારક તરીકે તેમની કામગીરી અનન્ય હતી. જો કે તેમને મહાન દેશભક્ત તરીકે પણ ઓળખવામાં આવે. યુવાવસ્થામાં માતપિતાનું મૃત્યુ થયુ હતું. લગ્ન જીવનના એક વર્ષ બાદ પતિનું અવસાન થયું. છતાં કોઈપણ રીતે નાસીપાસ ન થતા જીવનને બીજાઓને માટે સમર્પી દીધું.

કેડગાઉ (મહારાષ્ટ્ર)માં ત્યક્તાઓ, વિધવાઓ અને અનાથો માટે ખાસ આશ્રમ સ્થાપ્યો. અંધ બાળકો અને અંધ સ્ત્રી-પુરુષો માટે પણ શાળા તથા આશ્રમની સ્થાપના કરી. ઉપરાંત સ્ત્રીઓની મુક્તિ માટે તેમના દુઃખો દૂર કરવા તેમનામાં જાગૃતિ આવે માટે પ્રયત્નો કર્યા. તેઓ સ્વાવલંબી બને માટે ગૃહઉદ્યોગો વિકસાવ્યા. પંડિતા રમાબાઈના મનમાં હંમેશા બીજાઓના દુઃખો દૂર કરવાની તથા સમાજના વિકાસની ઝંખના રહેતી હતી.

પોતાના જીવનના અંત સુધી તેમણે દુઃખી, નિરાધાર અને કચડાયેલા લોકો માટે કામ કર્યું. સમાજના સર્વાંગી ઉત્થાન માટે

તેઓએ તમામ પ્રકારનો પરિશ્રમ કર્યો. તેમની સેવાની અસર ભારતના અને પરદેશના લોકોમાં પણ પડી છે. જેની નોંધ તમામ સ્તરના લોકોએ હંમેશા લીધી છે.

પંડિતા રમાબાઈ આજે આપણી વચ્ચે નથી. પરંતુ શરૂ કરેલી અમૂલ્ય સેવા આજે પણ એ જ સિધ્ધાંત પર અને સમજણ પર ચાલે છે. પંડિતા રમાબાઈ મૃત્યુ પામ્યા હોવા છતાં તેમનું કાર્ય જે સમાજના ઉત્થાન માટે લોકોના વિકાસ માટે તથા આત્મિક ઉન્નતિ માટે કરવામાં આવ્યું છે તે આજે પણ બોલે છે.

આજના સમયમાં સમાજ અને દેશ જુદી જુદી બાબતોમાંથી પસાર થાય છે ત્યારે તેમની આ સેવા સાચે જ ઉપયોગી તથા આશીર્વાદિત છે. ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી સાંપ્રત પરિસ્થિતિના સંદર્ભમાં બીજાઓને ઉત્તેજન અને પડકાર મળે માટે આ પુસ્તકનું પુનઃમુદ્રણ કરે છે ત્યારે આ એક સ્તુત્ય પગલું છે. આ પુસ્તકને તમારી સમક્ષ મૂક્તા આનંદ અનુભવું છું તથા એવી શુભેચ્છા પાઠવું છું કે પ્રભુ આપણને પંડિતા રમાબાઈ જેવા બીજા સેવકો અને સેવિકા પૂરા પાડે.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી પૉલ બિશ્વાસ (નૈરોબી) તરફથી સ્વ.શ્રી સિરિલભાઈ તીમોથીભાઈના સ્મરણાર્થે રૂા. ૧૦,૦૦૦/- નું દાન મળેલ છે. તેઓનો આભાર માનું છું.

ઓક્ટોબર - ૨૦૦૧ — રેવ. હેમંતકુમાર

જે. પરમાર

સેક્રેટરી

# ન ખૂટે તેવો મારો ખજાનો

## પ્રકરણ પહેલું

ઈસુ તેને કહે છે કે, "તારે ઘેર તારાં સગાંવહાલાં પાસે જા, ને પ્રભુએ તારે માટે કેટલું બધું કર્યું અને તારા પર દયા રાખી તેની ખબર તેઓને આપ"
(માર્ક ૫:૧૯)

"હે ઈશ્વરના ભક્તો, તમે બધાં સાંભળો, એટલે તેમણે મારા આત્મા માટે જે જે કર્યું છે, તે હું કહી સંભળાવીશ"
(ગીત. ૬૬:૧૬)

મારા પિતાશ્રી અનંતશાસ્ત્રી ડોંગરે હાલના કર્ણાટકના મેંગલોર તાલુકાના મૂળ વતની હતા, પણ જૂના મ્હૈસૂરના રાજ્યની સરહદ પર આવેલા પશ્ચિમઘાટના એક શિખર પરના ગાઢ જંગલમાં રહેવાનું તેમણે પસંદ કર્યું, અને ત્યાં જ પોતાને માટે એક ઘર બંધાવ્યું. આ પ્રમાણે મહારાષ્ટ્રનું વતન છોડી દૂર રહી, પોતાના ઈષ્ટ દેવોની પૂજાભક્તિ તેઓ એકનિષ્ઠાથી કરી શકે, અને એમાં તેમને પરિશ્રમ કરવામાં કોઈપણ જાતની તકલીફ પડે નહિ.

ત્યાં ડાંગરના નાના ક્યારડા અને નાળિયેરીનાં ઝાડ હતાં અને તેની ઉપજમાંથી તેઓ પોતાનું ભરણપોષણ કરતા. જે જગા પર તેમણે ઘર બાંધ્યું હતું તે હિંદુઓ માટે જાત્રાનું પવિત્ર ધામ છે, એમ પાછળથી માલૂમ પડ્યું. આખું વરસ અહીં જાત્રાળુઓ આવતા અને

જતા. પરોણાચાકરી કરવી એ પોતાના હિંદુ ધર્મનું એક અગત્યનું અંગ છે, એવું સમજીને મારા પિતાશ્રી બધા જાત્રાળુઓને પોતાના ખર્ચે જમાડતા, અને સારી રીતે તેમની ખાતરબરદાસ્ત કરતા. તેઓ તેર વરસ સુધી અહીં રહ્યા, તે દરમિયાન તેમણે એજ પ્રમાણે શાંતિથી ધર્મની અને ધર્મપુરુષોની સેવા કર્યા કરી. પરંતુ આ ભારે ખર્ચથી તેમની મિલકત ખૂટી પડી, તેથી ઘર છોડી યાત્રાળુ તરીકે જિંદગી ગુજારવાની તેમને ફરજ પડી. જે વખતે અમે ઘર છોડ્યું, તે વખતે મારી ઉંમર કેવળ છ મહિનાની હતી એમ મારાં માતૃશ્રી કહેતાં હતાં. મને નેતરની બનાવેલી એક પેટીમાં બેસાડી એક માણસની પાસે તે ઊંચકાવી, પર્વતો પર અને ખીણોમાં પોતાની સાથે સાથે તેઓ ફેરવતાં હતાં. આ પ્રમાણે બાલ્યાવસ્થાથી જ એક નાનકડી યાત્રાળુ તરીકે મારી જિંદગીની શરૂઆત થઈ, અમારા કુટુંબમાં હું તો સૌથી નાની હતી.

મારા પિતાશ્રી એક ચુસ્ત હિન્દુ હતા અને નાતજાત તથા હિંદુ ધર્મના બીજી રીતરિવાજોને મજબૂત રીતે વળગી રહેનાર હતા, તેમ છતાં યોગ્ય લાગે ત્યાં યોગ્ય સુધારો કરવાનું ચૂકતા નહિ. સ્ત્રીઓને તથા દલિત-પછાત કોમના લોકોને સંસ્કૃત ભાષા શીખવવામાં અને વેદ સિવાયના બીજા ધર્મગ્રંથો વાંચવા દેવામાં કેમ બાધ કે વાંધો ગણવામાં આવતો હશે એ બાબત તેઓ સમજી શકતા નહિ. છેવટે નાત બહાર મુકાવાનું જોખમ ખેડીને પણ મારા પિતાશ્રીએ મારાં માતૃશ્રીને સંસ્કૃત ભાષા શીખવવાનો દૃઢ નિશ્ચય કર્યો.

બીજાઓને બોધ કરવા કરતાં પોતાને ઘેર જ તેની અજમાયશ કરી જોવાનું તેમને વધારે યોગ્ય લાગ્યું. મારાં માતૃશ્રી મારા પિતાશ્રીને

એક લાયક વિદ્યાર્થી માલૂમ પડ્યાં અને તેઓ અથાગ પરિશ્રમ કરી સંસ્કૃત ભાષા શીખવા લાગ્યાં, જેથી થોડા જ વખતમાં તે ભાષા પર તેમણે સારો કાબૂ મેળવ્યો. મારી માતા ઘરનાં તમામ નાનાં મોટાં કામો કરતાં-રાંધતાં વાસણ-કપડાં ધોતાં, બાળકોની સંભાળ લેતાં, પરોણાગત કરતાં અને એ પ્રમાણે એક કુટુંબવત્સલ ધાર્મિક ગૃહિણી તરીકેની તમામ ફરજો બજાવતાં હતાં. મોડી રાત સુધી તેઓ પુરાણોનો નિયમિત અભ્યાસ કરતાં; એ પ્રમાણે તેમના સતત અભ્યાસથી મારાં માતૃશ્રીએ હિન્દુ ધર્મગ્રંથોનું ઘણું ઊંડું અને વિશાળ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

મારા પિતાશ્રી જે ગામના હતા તેની આસપાસના મેંગલોર જિલ્લામાં કેટલાક બ્રાહ્મણ પંડિતો રહેતા હતા. તેઓએ મારા પિતાશ્રીના આ કામ સામે સખત વાંધો ઉઠાવ્યો, અને કહ્યું કે, 'તમારે તમારી સ્ત્રીને દેવોની પવિત્ર ભાષા (સંસ્કૃત) શીખવવાનું એકદમ બંધ કરવું.' આ પ્રકારનો વાંધો ઉઠાવવામાં આવશે એ વાતની મારા પિતાશ્રીને પ્રથમથી જ ખબર હતી, તેથી તેમણે પોતાના બચાવની બધી તૈયારી આગળથી જ કરી રાખી હતી.હિન્દુ ધર્મશાસ્ત્રોનો તેમને ખૂબ બહોળો અભ્યાસ હતો; તેથી તેમણે બધા હિંદુ ધર્મગ્રંથોના જ જે અધ્યાયો અને કલમો શરૂઆતમાં સ્ત્રીઓને તેમ જ હરિજનોને સંસ્કૃત ભાષા એને ધર્મગ્રંથોનો અભ્યાસ કરવાની છૂટ અને સત્તા આપે છે, તે તે અધ્યાયો અને કલમનો વાંધા લેનાર અને કરનાર બ્રાહ્મણો આગળ એક પછી એક કહી બતાવ્યાં ને એમ તેમનાં મોં બંધ કર્યાં. જ્યારે બ્રાહ્મણ ધર્મગુરુઓ જાતે કંઈ કરી શક્યા નહિ, ત્યારે તેઓએ મારા પિતાશ્રીના આ કામને ધર્મ વિરુધ્ધનું ઠરાવી તે સંબંધી ધર્મના મુખ્ય ધર્મગુરુ પર

લખાણ કર્યું. તેથી તે ધર્મગુરુએ મારા પિતાશ્રીને બ્રાહ્મણ પંડિતોની મહાસભામાં તેમની આગળ હાજર થઈ પોતાના આ અઘટિત કે અધાર્મિક કામનો જવાબ આપના ફરમાન આપ્યું, અને સાથે સાથે એ પણ જણાવી દીધું કે, 'જો તમે હાજર નહિ થાઓ ને સંતોષકારક જવાબ નહિ આપો તો તેમને નાત બહાર મૂકવામાં આવશે.' તેથી જ્યાં હિંદુ ધર્માચાર્ય માધવાચાર્યનાં મુખ્ય ગામો કૃષ્ણપુર અને ઉડુપી હતાં ત્યાં મારા પિતાશ્રી હાજર થયા.

મુખ્ય ધર્માચાર્ય અને પંડિતોની મહાસભામાં હાજર થઈને મારા પિતાશ્રીએ મારાં માતૃશ્રીને સંસ્કૃત ભાષાનું શિક્ષણ આપવામાં યોગ્ય કારણો આપ્યાં. પુરાતન ધર્મગ્રન્થોમાંથી દાખલાદલીલો આપીને મહાસભાના ધર્માચાર્યો અને પંડિતોને તેમણે ચોક્કસ ખાતરી કરાવી આપી કે, સ્ત્રીઓને તેમજ હરિજન તથા અન્યદલિત-પછાત કોમના લોકોને સંસ્કૃત ભાષા અને ધર્મગ્રન્થોનું શિક્ષણ આપવામાં તેમણે કંઈ પણ અઘટિત કામ કર્યું નથી કે હિંદુ ધર્મશાસ્ત્ર વિરુદ્ધ કશું કર્યું નથી. તેઓ ત્યાં પણ નિર્દોષ ઠર્યા. ત્યાર પછી કોઈએ પણ તેમના કામમાં વાંધો લીધો નહિ, પણ ઊલટા તેઓ એક સમાજસુધારક તરીકે તે લેખાવા લાગ્યા. આ કામ માટે કેટલાક લોકો તેમને વખાણતા, અને બીજા કેટલાક વખોડતા; પણ બીજાઓ તેમના વિષે શું ધારે છે, અથવા શું કહે છે, તે પર મારા પિતાજી બિલકુલ ધ્યાન આપતા નહિ; પણ તેમને પોતાને જે ખરું તથા વાજબી લાગ્યું તે તેમણે કોઈની પણ પરવા રાખ્યા વિના કર્યા કર્યું, એટલે મારાં માતૃશ્રી, ભાઈબહેન તથા બીજાંઓને સંસ્કૃતનું શિક્ષણ આપવાનું કામ ચાલુ જ રાખ્યું.

# અનોખું શિક્ષણ

હું આશરે આઠેક વરસની થઈ, ત્યારે મારાં માતુશ્રીએ મને પણ શિક્ષણ આપવાનું શરૂ કર્યું. અને પંદર વરસની થઈ ત્યાં સુધી તે શિક્ષણકાર્ય ચાલુ રાખ્યું, એટલા સમયમાં મારો અભ્યાસ એવી સારી સ્થિતિએ પહોંચ્યો કે બીજાંઓ તરફથી જે મદદ અને માર્ગદર્શન મને મળતાં હતાં તે નહિ જેવાં રહ્યાં. કોઈના પણ માર્ગદર્શન વગર પણ હું મારો અભ્યાસ મારી પોતાની મેળે આગળ ચલાવી શકતી. તે અરસામાં કન્યાઓ અને સ્ત્રીઓ વધારે ઊંચું શિક્ષણ લઈ શકે તેવી કોઈ સારી શાળા હશે કે નહિ તેની મને ખબર નહોતી. વળી, અમે બહારની દુનિયાના સંબંધમાં આવીએ અને એ વિશે જાણીએ એ વાત મારાં માબાપને પસંદ પણ નહોતી. તેઓની ઈચ્છા તો એજ હતી કે, અમે ચુસ્ત રીતે હિન્દુ ધર્મને અને તેની માન્યતાઓને વળગી રહીએ. સંસ્કૃત સિવાયની બીજી ભાષા શીખવી એ વાત તો જાહેરમાં કહેવાય એવી જ ન હતી, કારણ કે લોકમાન્યતા એવી હતી કે, વ્યાવહારિક જ્ઞાન કે કુશળતા મેળવવાં અને બીજી કોઈ પણ જાતની કેળવણી લેવી, એથી મોક્ષગતિ કે સ્વર્ગ મેળવવાના ઉત્કૃષ્ટ માર્ગમાં મુશ્કેલીઓ ઊભી થાય, જન્મજન્માંતરમાં લાખો ને લાખો જનજનાવરના દેહ ધારણ કરવા પડે, અસંખ્ય પ્રકારના રોગના ભોગ થવું પડે, અને અસંખ્ય મરણો ભોગવવાં પડે. અંગ્રેજી ભાષા શીખવી અને અન્ય ધર્મી (હિન્દુ ધર્મ સિવાય બીજા કોઈ પણ ધર્મનો માણસ) લોકોના સંબંધમાં આવવું એ જાતિધર્મથી ભ્રષ્ટ કરનાર અને ભવિષ્યની બધી આશાઓ તથા સુખોનો નાશ કરનાર છે. એવી માન્યતા હોવાથી અમે કેવળ સંસ્કૃત

ભાષા,વ્યાકરણ, શબ્દકોષ, પુરાણ તથા અર્વાચીન કાળના તેજ ભાષામાં લખાયેલા ધર્મગ્રન્થોનો અભ્યાસ કરી શક્યાં. વ્યાકરણ, શબ્દકોષ અને ધર્મગ્રન્થો બધાં કવિતાના શ્લોકોના રૂપમાં લખાયેલાં હતાં, તે બધાં અમારે મોઢે કરવાં પડતાં.

હું જ્યારથી કંઈ પણ યાદ રાખી શકું તેવી થઈ ત્યારથી તો મને બરાબર યાદ છે કે, મારાં માબાપ કેવળ એક પવિત્ર સ્થળેથી બીજે સ્થળે, બીજેથી ત્રીજે, એમ અહીંથી તહીં નિરંતર પ્રવાસ કે યાત્રાઓ કર્યા કરતાં. દરેક સ્થળે થોડા થોડા મહિના રહેવું, પવિત્ર નદીઓમાં અને સરોવરોમાં સ્નાન કરવું, મંદિરે મંદિરે ફરવું, મંદિર-દહેરાં અને ઘરમાંના દેવોની પૂજાભકિત કરવી, અને દેવસ્થાનમાં કે કોઈ સગવડવાળી જગાએ બેસી પુરાણોની કથા કરવી, એજ કેવળ મારાં ધર્મઘેલાં માબાપનાં નિત્ય અને નિયમિત કર્મ હતાં.

પુરાણની કથા કરવાથી અમને બે પ્રકારના લાભ મળતા. અમારી માન્યતા પ્રમાણે પુરાણવાચનથી પાપથી મુક્ત થઈ મોક્ષ અને સ્વર્ગ મેળવવાને લાયક થવાતું, એ એક લાભ; અને બીજો લાભ : ભિક્ષા માગી ભરણપોષણ કરવા કરતાં આ માર્ગે અમને જોઈતાં જરૂરના બધાં ભૌતિક વાનાં અને વસ્તુઓ સહેલાઈથી પ્રાપ્ત થતાં. આથી અમે અમારો નિભાવ આબરૂભેર કરી શકતાં હતાં.

પુરાણ વાંચનાર પુરાણી કહેવાય છે. તેઓ હિન્દુ ધર્મના જાહેર ઉપદેશકો હોવાથી લોકપ્રિય હોય છે. (આજે મોરારી બાપુ ખૂબ લોકપ્રિય છે તેમ) પુરાણીઓ કોઈ દેવસ્થાનમાં કે કોઈ સારા ઝાડ નીચે કે નદીઓ

અથવા સરોવરના કાંઠે બેસી પોતાના હસ્તલિખિત ધર્મગ્રન્થો-પુરાણો મોટા ગંભીર અવાજથી તાલબદ્ધ રીતે વાંચે છે - ગાય છે - તેથી દેવસ્થાનોમા દર્શનાર્થે આવતા જતા તથા રસ્તે ચાલતા લોકો સ્પષ્ટ રીતે સાંભળી શકે છે. પુરાણ સંસ્કૃત ભાષામાં લખાએલું સામાન્ય હોવાથી શ્રોતાજનો સમજી શક્તાં નથી, તેમજ પુરાણીઓ પણ તેમને તેમની લોકભાષામાં સમજાવવાને બંધાયેલા નથી. પુરાણ રામાયણ કે ધર્મગ્રંથો સમજાવવાં કે નહિ તે પુરાણીની મરજી પર આધાર રાખે છે. કદાપિ જો કોઈ પુરાણીએ સંસ્કૃત ભાષામાંથી લોકોને તેમની માતૃભાષામાં પુરાણ સમજાવવાનું નક્કી કર્યું હોય તો તેમાં જોડી કાઢેલી કે કલ્પિત વાર્તાઓ કે પ્રસંગો ઉમેરી, મરીમસાલો ભભરાવી, તે પોતાના કથનને અસરકારક અને રસપ્રદ બનાવે છે. સંસ્કૃત ન જાણનાર લોકો આથી અંજાઈ જાય છે. કથાકાર જૂની હકીકતોમાં્ સાચી કાલ્પનિક વાર્તાઓ, ઉદાહરણો અને દૃષ્ટાંતો ઉમેરીને પુરાણી વાતો રસિક રીતે કહે છે. એમ કરવામાં પુરાણીને કંઈ દોષ લાગતો નથી. કારણ કે એમ કરવાથી જ લોકો ભગવાનનાં નામ અને કામનું વર્ણન સાંભળવા આવે છે, તેઓ પોતાનાં પાપથી શુદ્ધ થાય છે. પુરાણી રામાયણ કે મહાભારત કે પુરાણ વાંચવાનું શરૂ કરે છે ત્યારે ભાવિકજનો સાંભળવાને ભેગા થાય છે, ને પુરાણીને ધન્યવાદ આપે છે. શ્રોતાઓને ગમી જાય તે રીતે કથાકાર સંગીત અને અભિનય દ્વારા પણ વાર્તારસ જમાવે છે. શ્રોતાઓ ક્યાં સુધી બેસે કે ગમે ત્યારે ચાલ્યા જાય તે તેમની પસંદગીની વાત છે.

ભાવિક શ્રોતાજનો કથાકાર કે પુરાણીની આગળ દંડવત્ પ્રણામ કરે છે, અને પુરાણી તેમજ પુરાણ એ બન્નેને નમસ્કાર કરી

પોતાનાં હૃદયના ઊંડા ભક્તિભાવને સંતોષે છે; વળી પૈસા, વસ્ત્ર, પકવાન, પુષ્પ, ફળફળાદિ વસ્તુઓ કથાકારને અર્પણ કરે છે. આ પ્રમાણે કરવાથી દાન કરનારને પુણ્ય મળે છે, અને લેનારને કંઈ પાપ લાગતું નથી એવી સાધારણ માન્યતા હોય છે. ધર્મશાસ્ત્ર કે પુરાણ સાંભળનારાઓમાંથી જો કોઈ પુરાણીને દાન આપે નહિ, તો બીજાં સારાં કર્મોથી તેણે પ્રાપ્ત કરેલું પુણ્ય ધોવાઈ જાય તેવી માન્યતા છે. કરેલું દાન કીમતી જ હોવું જોઈએ એમ કંઈ નથી. એક મૂઠીભર ચોખા, ગમે તે જાતનું અનાજ, થોડાક પૈસા કે સિક્કા અથવા ગમે તે પુરાણીને તો સ્વીકાર્ય છે. (હવે તો આવા કથાકારોને ખૂબ પૈસા મળે છે.) "ફૂલ નહિ તો ફૂલની પાંખડી" અથવા કોઈ પવિત્ર મનાએલા ઝાડનું એકાદ પાંદડું દેવોને ચઢાવવામાં આવે, તોપણ દેવો તેથી સંતુષ્ટ થાય છે. તેની સાથે દાન કરનારા પણ એટલું તો સમજે છે કે, જેટલું દાન વધારે તેટલું પુણ્ય વધારે. તેથી તેઓ જાતે જ બની શકે તેટલી ઉદારતાથી દાન કરવાનું ચૂકતા નથી. આ પ્રમાણે પુરાણીને પોતાના નિભાવ માટે જેટલું જોઈએ તે કરતાં પણ વધારે મળી રહે છે.

મારાં માબાપનો પણ એજ વ્યવસાય હતો. ધંધાદારી કથાકાર તરીકે અમે બધાં જાહેર સ્થળોમાં બેસી પુરાણ વાંચતાં, પણ લોકોને તેમની ભાષામાં પૂરેપૂરું સમજાવતાં નહિ. પુરાણ વાંચવું કે સાંભળવું એ એની મેળે જ પુણ્યોત્પાદક કે પુણ્ય આપનાર છે, એવી માન્યતા હતી. આ મારા ભરણપોષણ માટે અમારે કદી પણ ભિક્ષાવૃત્તિ કરવી પડતી નહિ, કારણ કે પુરાણી તરીકે કથા કરવાથી અમને ખોરાકના ખર્ચ બાદ કરતાં અમે બીજા બ્રાહ્મણોને દાન આપી શકતાં હતાં.

# દુકાળ, મૃત્યુ અને શંકા

## • પ્રકરણ બીજું

જ્યાં સુધી મારા પિતાશ્રીમાં શક્તિ હતી ત્યાં સુધી તો આ પ્રકારની જિંદગી ચાલી, પણ હવે તેઓ વૃદ્ધાવસ્થાને કારણે અશક્ત થયા હતા. અમને અમારા જાહેર પુરાણવાંચનકાર્યમાં મદદ કરી શકતા નહોતા, અને કુટુંબ તરીકે અમે અમારો નિભાવ કરી શકીએ, અમારું ઘર ચલાવી શકીએ એવો બીજો કંઈ પણ ધંધો કે વ્યવસાય અમને આવડતો નહોતો; કારણ કે, હિન્દુધર્મગ્રંથોના ધર્મજ્ઞાન સિવાય બીજી બધી બાબતોથી અમે જાતમહેનતનું કામ કરી શકતાં નહિ, અને ભિક્ષા માગવી એ અમને ગમતું નહિ. અમારાં માબાપ પાસે થોડાં બચાવેલાં રોકડાં નાણાં હતાં. જો એ નાણાંનો ઉપયોગ અમને વ્યાવહારિક કેળવણી આપવા પાછળ કરવામાં આવ્યો હોત તો કોઈ પણ રીતે અમે અમારું ગુજરાન કરી શકત, પરંતુ એવી કેળવણી આપવી એ મારાં માબાપને મન ગમતી વાત ન હતી. ધર્મગ્રંથોમાં લખેલી વાતો પર તેમને બેહદ ભરોસો હતો. દેવો પર શ્રદ્ધા રાખવાથી જે કાંઈ જોઈએ તે સર્વ સહેજે મળી આવે છે, એવી એવી વાતો કહીને તેઓ અમને સમજાવતાં. ધર્મગ્રંથોમાં સ્પષ્ટ રીતે જાહેર કરેલું છે કે, જો માણસ અમુક ખાસ રીતે દેવોની પૂજા કરે, બ્રાહ્મણોને દાનધર્મ કરે, અમુક દેવોનાં નામના જાપ જપે, દેવોનાં નામનાં ભક્તિગીતો ગાય અને ઉપવાસ તથા તપ કરે તો દેવદેવીઓ તેમના પર પ્રસન્ન થઈ તેમને દર્શન દે છે, તેમની સાથે વાત કરે છે, અને તેમને જે કંઈ જોઈએ તે આપે છે, અમે પણ દેવોને પ્રસન્ન

કરી જે વાનાંની જરૂર હતી તે મેળવવાનો નિશ્ચય કર્યો. ત્રણ વરસ સુધી અમે બધા પ્રકારની ધર્મક્રિયાઓ કરી, તે દરમ્યાન બીજો કોઈ પણ ધંધો કર્યો નહિ. છેવટે અમારી પાસે જે થોડાઘણા પૈસા હતા તે પણ આવી ધર્મક્રિયાઓ પાછળ ખરચાઈ ગયા, પણ દેવો તરફથી અમને કોઈ પણ જાતની મદદ મળી નહિ.

આ પ્રમાણે અમે અમારી મેળે જ અમારા પર દુકાળ જેવી આપત્તિ વહોરી લીધી, અને તેનાં માઠાં ફળ પણ અમે અનુભવવા લાગ્યાં. અધૂરામાં પૂરું વળી તેજ અરસામાં મદ્રાસના જે ભાગમાં અમે તે વખતે રહેતાં હતાં તે ભાગમાં સખત દુકાળ પડ્યો. ભારતના તે દક્ષિણ ભાગમાં અનાજ અને પાણીની પુષ્કળ તંગી ઊભી થઈ. લોકો ભૂખે મરવા લાગ્યા, અને અમે પણ બીજાંઓની માફક ખોરાકને માટે અહીં તહીં ભટકવા લાગ્યાં. ભિક્ષા માગવી કે મજૂરી કરવી તે અમારે માટે હલકાં કામ હતાં અને આબરૂભેર અમે અમારો નિભાવ કરી શકીએ એવો બીજો કોઈ ધંધોરોજગાર અમને આવડતો નહોતો, એટલે ભૂખમરો વેઠ્યા સિવાય બીજું કંઈ અમારાથી થાય તેમ નહોતું. મારા પ્રિય પિતાશ્રી, મારાં માતૃશ્રી અને બહેન એ સઘળાં એક પછી એક થોડા થોડા માસને અંતરે દુકાળમાં ભૂખના ભયંકર દુઃખથી મરણ પામ્યાં!

આ દુકાળનાં દુઃખો એવાં તો ભયંકર હતાં કે, તેનું પૂરેપૂરું વર્ણન મારાથી થઈ શકતું નથી. મારો ભાઈ શ્રીનિવાસ અને હું કેવળ બેજ જણ જીવતાં રહેવાં પામ્યાં. આમ છતાં દેવો અમારી ઇચ્છા પૂર્ણ કરે, તે માટે પવિત્ર સ્થળોની જાત્રા કરવાનું, નદીઓમાં સ્નાન કરવાનું

અને દેવદેવીઓની પૂજાભક્તિ કરી તેમને પ્રસન્ન કરવાનું જે કામ અમારાં માબાપે નક્કી કર્યું હતું તે અમે ચાલુ જ રાખ્યું. તેને માટે ધર્મગ્રન્થોમાં જે જે શરતો બતાવેલી હતી તે અને જે સર્વ નિયમોથી અમે વાકેફ હતાં તે બધા બહુ જ ચુસ્ત રીતે અમે પાળતાં, છતાં પણ દેવોએ અમારા પર પ્રસન્ન થઈ અમને દર્શન દીધું નહિ. ઘણાં વર્ષો સુધી આ પ્રમાણે એકનિષ્ઠાથી અમે સેવાભકિત કરી, પણ તેનું કંઈ ફળ નહિ મળવાથી જે ધર્મગ્રન્થોમાં દેવોને પ્રસન્ન કરવાનો આવો માર્ગ બતાવેલો છે, તે પરથી અમારો વિશ્વાસ ધીમે ધીમે ઓછો થવા લાગ્યો. તો પણ નાતજાતના રીતરિવાજો પાળવા, ધર્મગ્રન્થોનો અભ્યાસ કરવો અને દેવદેવીઓની પૂજાભકિત કરવી, આ બધું અમે અમારા કુટુંબના હંમેશના રીતરિવાજો મુજબ જેમ ને તેમ ચાલુ જ રાખ્યું.

અમારા ધર્મ ઉપરથી અમારો વિશ્વાસ ઓછો થતો હોવાથી અમે વ્યાવહારિક કેળવણી મેળવવાનો વિચાર કર્યો. જેથી અમે આબરૂભેર પોતાનું ભરણપોષણ કરી શકીએ. અમારાં વહાલાં માબાપ અને મોટી બહેનનાં મૃત્યુ પછી પણ ત્રણ કરતાં વધારે વરસ સુધી એક જગાથી બીજી, બીજીથી ત્રીજી જગ્યા એમ ઘણાં તીર્થસ્થાનોએ અમે ફર્યા, ઘણી પવિત્ર નદીઓમાં સ્નાન કર્યું, ઉપવાસ અને જપ કર્યા, દેવદેવીઓ, બ્રાહ્મણો, ઝાડ પશુઓ વગેરેની ભક્તિ કરી, કોઈ પણ પ્રકારના વાહન કે સુખસાધન વગર પગે ચાલીને ચાર હજાર માઈલથી પણ વધારે અમે પગપાળા મુસાફરી કરી. આ બધા વખતમાં જો કોઈ માયાળુ માણસ કંઈ ખાવાનું આપે તો તો અમે ખાતાં, નહિ તો ભૂખ્યાં પડી પહેતાં, જાડાં અને સસ્તાં કપડાં પહેરતાં, અને હિન્દુ જાત્રાળુઓને

મફત પડી રહેવાની ધર્મશાળાઓમાં પડી રહેતાં. અમે દક્ષિણથી માંડીને છેક ઉત્તરે કાશ્મીર સુધી અને ત્યાંથી પશ્ચિમે થઈ પૂર્વમાં ગયાં, અને ઈ.સ. ૧૮૭૮ની સાલમાં અમે કલકત્તા આવી પહોંચ્યાં.

## ખ્રિસ્તી ધર્મ સાથેનો પરિચય

કલકત્તામાં એક વરસ સુધી અમે બે ભાઈબહેન રહ્યાં, તે દરમિયાન અમે વિદ્વાન બ્રાહ્મણોના પરિચયમાં આવ્યાં. અહીં એક વખતે અમે બન્ને ભાઈ-બહેનને ખ્રિસ્તી લોકોની સભામાં-ચર્ચમાં જવાનું આમંત્રણ મળ્યું. આ પ્રકારની સભા એ કેવી હશે, એની અમને બિલકુલ સમજ નહોતી, કારણ કે અત્યાર સુધી અમે હિન્દુ સુધારકો કે ખ્રિસ્તી લોકોના સહવાસમાં આવ્યા નહોતાં. અમારા વિદ્વાન બ્રાહ્મણ મિત્રોએ આ આમંત્રણ ખુશીથી સ્વીકારવા માટે અમને ભલામણ કરી, તેથી અમે તે આમંત્રણ સ્વીકાર્યું, અને જિંદગીમાં પહેલી જ વાર ખ્રિસ્તી લોકોની સભામાં ગયાં. ત્યાં અમે ઘણા લોકોને ભેગા થયેલા જોયા. તેઓએ સન્માનપૂર્વક અને પ્રેમથી અમારો આવકાર કર્યો. સભામાં બેસવાની ખુરશીઓ, ટેબલો હતાં, મીણબત્તીઓ, પુસ્તકો વગેરે ઘણીવસ્તુઓ હતી. આ વસ્તુઓ અમારે માટે તદન નવાઈ ઉપજાવનારી હતી.દેશી માણસોએ પણ અંગ્રેજી ઢબનો પોશાક પહેરેલો હતો. રેવ. કે. એમ બેનરજી અને કાલીચરણ બેનરજી વગેરે સદ્‌ગૃહસ્થાનોનાં નામ બ્રાહ્મણ નામને મળતા આવતા હતાં, પણ પોશાકથી તેઓ જાણે 'સાહેબ લોકો' જ હોય એમ જણાતું. આ વિચિત્રતા જોઈ અમે તો આશ્ચર્યચકિત થઈ ગયાં. વળી, તેઓ બધા અંગ્રેજી લોકોની સાથે બેસીને રોટલી, બિસ્કીટ વગેરે ખાતા અને ચા પીતા. જ્યારે આ નાસ્તામાં

ભાગ લેવા તેઓએ અમને જણાવ્યું ત્યારે તો અમારી અજાયબીનો પાર રહ્યો નહિ. અમે તો એમ જ ધાર્યું કે હવે જયારે બ્રાહ્મણ જેવા લોકોએ પણ અંગ્રેજ લોકોની સાથે ખાવાપીવા જેટલું અધર્મીપણું કરવા માડ્યું છે, ત્યારે તો કલકત્તામાં હડહડતા કળિયુગે પોતાનું સંપૂર્ણ સામ્રાજ્ય સ્થાપી દીધું છે.

હવે સભામાં આગળ શું થશે તે જાણવા માટે અમારાં મન ખૂબ આતુર હતા; પણ તેઓ શું કરવાનાં છે, અથવા આ શી વિધિઓ ચાલે છે, તેની અમને મુદ્દલ સમજ પડતી નહોતી. થોડા વખત પછી તેઓમાંના એક જણે એક પુસ્તક ઉઘાડી બધાંની આગળ તેમાંથી કંઈ વાંચી સંભળાવ્યું, બધાં સ્ત્રી પુરુષો પોતપોતાની ખુરશીઓ આગળ ઘૂંટણે પડ્યાં. પછી એક માણસે આંખો બંધ રાખી મોટે અવાજે કંઈક કહ્યું, પણ અમે કંઈ સમજી શક્યાં નહિ. કોઈ માણસે અમને ધીમે રહીને જણાવ્યું કે આ તો અમારી પ્રભુને પ્રાર્થના કરવાની અમારી પધ્ધતિ છે. કોઈ પણ જાતની મૂર્તિ કે પ્રતિમા અમારા જોવામાં આવી નહિ, કે જેની તેઓ આ પ્રમાણે ભક્તિ કરતાં હોય. અમને તો એવું જ લાગ્યું. કે જે ખુરશીની આગળ તેઓ નમેલાં છે તેની જ તેઓ ભક્તિ કરે છે!! ખ્રિસ્તી માણસોની ભક્તિસેવાની જે પહેલવહેલી ઝાંખી છાપ મારા મન પર પડી, તે આ પ્રકારની હતી.

આ માયાળુ ખ્રિસ્તી લોકોએ સંસ્કૃત ભાષામાં લખાયેલા ખ્રિસ્તી પવિત્રશાસ્ત્ર-બાઇબલની એક નકલ, તથા બીજી કેટલીક સારી વસ્તુઓ મને આપી. પુસ્તકોનો બહારનો દેખાવ મને બહુ ગમ્યો. મેં તેમાંનું લખાણ વાંચી જોયું, પણ હું તે વધારે સમજી શકી નહિ, કારણ

કે, આ ભાષામાં અને હિંદુ ધર્મગ્રન્થોમાંની સંસ્કૃત ભાષામાં ઘણો તફાવત હતો. વળી, આ પુસ્તકોનો ઉપદેશ પણ હિન્દુ ધર્મગ્રન્થોના ઉપદેશથી જુદો હતો; તેથી મને તો એમ જ લાગ્યું કે, આ પુસ્તક વાંચવું એ કેવળ વખતનો દુરુપયોગ કરવા બરાબર છે. તેમ છતાં તે દિવસથી તે છેક આજ સુધી મેં કદી પણ આ પુસ્તકને મારાથી દૂર કર્યું નથી. કલકત્તાની સદરહુ સભામાં મેં બે વૃધ્ધ પુરુષો જોયા હતા. તેઓ પવિત્ર શાસ્ત્રના ભાષાંતર કરનાર હતા. તેમણે પવિત્ર શાસ્ત્રવાંચનની મારફતે અમારાં મનનાં બદલાણ માટે ખાસ પ્રાર્થનાઓ કરી હશે એ નિશ્ચિત છે.

# કલકત્તા – હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ અને તે વિશેની શંકાઓ

## પ્રકરણ ત્રીજું

અમે કલકત્તામાં રહેતાં તે દરમ્યાન ઘણા વિદ્વાનો અને પંડિતો સાથે અમારે ઓળખાણ થઈ. તેમાંના કેટલાકે પરદાનશીન સ્ત્રીઓની આગળ "સ્ત્રીઓની શાસ્ત્રાનુસાર ફરજો" એ વિષય પર ભાષણ આપવાની મને વિનંતી કરી. અમુક ચોક્કસ વિષય પર ભાષણ આપતાં પહેલાં મારે તે વિષયની બરાબર તૈયારી કરવી પડતી, તેથી કલકત્તામાં પ્રસિધ્ધ થયેલાં હિન્દુ શાસ્ત્રો મેં ખરીદ્યાં. તે અને તેના જેવાં બીજાં શાસ્ત્રોનો મેં બરોબર અભ્યાસ કર્યો. વાંચવાથી મને મારા કામમાં સારી મદદ મળી, મારા જાણવામાં કદી નહિ આવેલી એવી ઘણી બાબતો આ અભ્યાસ દ્વારા મારા જાણવામાં આવી.

એક દિવસ કેશવચંદ્ર સેન નામના સદ્દગૃસ્થે મને અને મારા ભાઈને પોતાને ઘેર નોતર્યા. તેમણે અમને સારો આવકાર આપ્યો, અને અમને ઘરની અંદરના ભાગમાં લઈ જઈ પોતાની સ્ત્રી અને દીકરીઓ સાથે અમારી ઓળખાણ કરાવી . તેમની દીકરીઓમાંથી એકનું લગ્ન કુચબિહારના મહારાજા સાથે તેજ અરસામાં થયું હતું. ચૌદ વરસથી ઓછી ઉંમરની કન્યા લગ્નમાં લેવી નહિ તેમજ આપવી નહિ, એવો કાયદો બ્રાહ્મણ કોમને માટે હતો; તે કાયદાનું ઉલ્લંઘન કરવા માટે - તોડવા માટે - બધા બ્રાહ્મણો અને બીજાઓ આ સદ્દગૃહસ્થની નિંદા કરતા હતા, તેમણે અને તેમના કુટુંબે મારા પ્રત્યે ખૂબ મમતા

અને પ્રેમ બતાવ્યાં,અને જુદા પડતી વેળાએ તેમણે મને એક વેદનું પુસ્તક આપ્યું, અને વળી મને પૂછયું કે, "તમે વેદનો અભ્યાસ કર્યો છે?" મેં ચોખ્ખી ના કહી, અને કહ્યું, "સ્ત્રીઓ વેદ વાંચવા માટે લાયક નથી તેમજ તેમને શાસ્ત્રનું અધ્યયન કરવાની છૂટ કે પરવાનગી પણ નથી; તેથી જો હું વેદનો અભ્યાસ કરું તો ધર્મના કાયદાનો ભંગ કરું છું." મારા મોંથી આવો હિન્દુ ધર્મનો સ્પષ્ટ ઉપદેશ સાંભળીને તેમને હસવું આવ્યા વગર રહ્યું નહિ. જવાબમાં કંઈ નહિ કહેતાં તેમણે મને વેદો અને ઉપનિષદોનો અભ્યાસ કરવાની સલાહ આપી.

હવે મારા મનમાં નવાનવા વિચારો ઉત્પન્ન થતા હતા. મારા મનને મેં પ્રશ્ન કર્યો કે વેદો અને ઉપનિષદોનો મારે કેમ અભ્યાસ ન કરવો? વિચાર કરતાં મને સમજાયું કે સ્ત્રીઓએ વેદોનો અભ્યાસ કરવો, એ કોઈ પણ રીતે ખોટું કે અનુચિત નથી, તેથી પહેલાં તો મેં ઉપનિષદો વાંચવા શરૂ કર્યા, પછી વેદ અને વેદાન્તો, એમ એક પછી એક બધાં વાંચ્યા, પણ તે અભ્યાસથી તો મારામાં વધારે અસંતોષ ઉપજ્યો.

આ સમયગાળા દરમ્યાન મારા ભાઈનું મરણ થયું. ધર્મ સંબંધી હું સારી પેઠે વાકેફ થઈ શકું એવી ઇચ્છાથી મારા પિતાશ્રીએ નાનપણમાં મારા લગ્ન કરાવ્યાં નહોતાં. મારી મોટી બહેનનાં લગ્ન તો તેની જ ઉંમરના એક છોકરા સાથે કરી દેવામાં આવ્યાં હતાં, પણ તે છોકરાને અભ્યાસ કરવો કે મારી બહેનની સાથે રહી ધાર્મિક જિંદગી ગાળવી, એ પસંદ નહોતું. સંસ્કારમાં તે બધી રીતે મારી બહેનથી ઊતરતો હતો. આવો નાલાયક વર મળવાથી મારી બહેનની જિંદગી

અતિશય દુઃખી થઈ ગઈ હતી. મારી એવી સ્થિતિ ન થાય, એજ મારા પિતાની પ્રબળ ઈચ્છા હતી.અલબત, મોટી ઉંમરે લગ્ન કરવાં એ પણ હિંદુ કાયદા વિરુદ્ધ હોવાથી મારા પિતાશ્રીનો બ્રાહ્મણ સમૂહમાંથી લગભગ બહિષ્કાર કરવામાં આવ્યો હતો. મારાં લગ્ન નહોતાં કરાવ્યાં, તેથી તેમને ઘણું સહન કરવું પડ્યું, છતાં તેઓ પોતાની ખાસ હિંમતથી આવી બધી મુશ્કેલીઓ સામે દૃઢ રહ્યા; અને જે કામ તેમને પોતાને વ્યાજબી તથા સાચું લાગ્યું, તે તેમણે કર્યું, એટલે મને અભ્યાસ કરવાનો તથા ધાર્મિક જિંદગી ગાળવાનો પ્રસંગ અને સમય આપ્યાં, તેથી હું બાવીસ વરસની થઈ ત્યાં સુધી કુંવારી જ રહી હતી.

હવે મારા પૂર્વજોના ધર્મ ઉપરથી મારો બધો વિશ્વાસ ઊઠી ગયો હતો. આ વખતે મેં મારાથી ઊતરતી જાતિના છતાં રાજીખુશીથી એનો પૂરો પરિચય મેળવીને એક બંગાળી ગૃહસ્થ સાથે લગ્ન કર્યા. લગ્ન કર્યા પછી બે જ વરસમાં મારા પ્રિય પતિ કૉલેરાના ભયંકર રોગથી મરણ પામ્યા, અને હું એકલી જ મારા હાથમાં એક નાની બાળકી સાથે આ દુનિયામાં દુઃખો ભોગવવા માટે રહી!

## બંગાળમાં

બંગાળ અને આસામમાં હું બધાં મળીને ચાર વરસ રહી, તે દરમ્યાન મેં બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો. હું જ્યારે મારા પતિ સાથે આસામ રાજયના સિલ્ચરમાં રહેતી હતી ત્યારે અમારી લાઈબ્રેરીમાંથી એક નાની ચોપડી મળી આવી. આ ચોપડી અહીં શી રીતે આવી હશે તેની મને ખબર ન હતી . મેં તે લીધી અને કાળજીપૂર્વક

વાંચવા માંડી. આ ચોપડી બંગાળી ભાષામાં લખાયેલી "સંત લૂકની સુવાર્તા" હતી, આ સુવાર્તા પવિત્ર બાઈબલનો એક ભાગ છે.

એલન નામના એક પાદરી સાહેબ સિલ્ચરમાં રહેતા હતા. તેઓ વારેવાર મારી મુલાકાતે આવતા હતા, અને સુવાર્તાનો ઉપદેશ કરતા હતા તેમણે પવિત્ર શાસ્ત્રમાંથી ઉત્પત્તિનો પહેલો અધ્યાય મને સમજાવ્યો. પૃથ્વીની ઉત્પત્તિની જે વાત તેમણે મને કહી તે પુરાણો અને હિન્દુ ધર્મશાસ્ત્રોમાં લખેલી વાતથી તદ્દન જુદી હતી, તેથી તે વાતમાં મને ખૂબ રસ પડયો, અને તે વાત મને સાચી લાગી, અથવા કયા કારણથી મેં તે સાચી માની લીધી,તે હું સમજી શકી નહિ.

હવે મારા પ્રથમના ધર્મ ઉપરથી મારી બધી આસ્થા ઊઠી ગઈ હતી, અને મારા અંતઃકરણમાં કોઈ વધારે સારા ધર્મ માટે ભૂખ જાગી હતી, તેથી ખ્રિસ્તી ધર્મ સંબંધી જેટલું બની શકે તેટલું બધું હું આતુરતાથી શીખી; અને જો આ નવા ધર્મથી મને સંપૂર્ણ સંતોષ મળી શકે એમ હોય, તો મારે ખ્રિસ્તી થવાનો ઈરાદો છે, એમ મેં જાહેર કર્યું. મારા પતિ એક મિશન સ્કૂલમાં ભણ્યા હતા. તેઓ બાઈબલની બધી વાતો સારી રીતે જાણતા હતા, પણ 'ખ્રિસ્તી' કહેવાવું તેમને ગમતું નહિ, તેમજ હું પણ પ્રગટ રીતે બાપ્તિસ્મા કે જળસંસ્કાર લઈ અન્ય ધર્મોથી ધિક્કારપાત્ર ખ્રિસ્તી મંડળીમાં કે ધર્મસભામાં જોડાઉં, તે તેમને ગમ્યું નહિ. મારા પતિ મારી વાત જાણી ગુસ્સે થયા અને કહ્યું કે, "હું હવે એલન સાહેબને આપણા ઘેર આવવાની ચોખ્ખી ના કહીશ." જો વધારે લાંબો વખત જીવ્યા હોત, તો શું પરિણામ આવત, એ હું જાણતી નથી.

મારા પતિના મરણ પછી મેં સિલ્ચર છોડ્યું, ને મહારાષ્ટ્રના પૂનામાં હું આવીને રહી.અહીં હું એક વરસ રહી. આ વખતે કેટલાક સમાજસુધારક આગેવાનોએ અને પ્રાર્થનાસમાજના કેટલાક શુભેચ્છક સભાસદોએ મારા તરફ ખૂબ પ્રેમ બતાવ્યો, અને મને કેટલીક મદદ કરી. શ્રી રાનડે, મોલકર, અને ડો. ભાંડાકર- મારા પ્રત્યે અત્યંત માયા બતાવનાર અને મદદ કરનારાઓમાં મુખ્ય હતાં.

આ વખતે ચર્ચ મિશન જે એક મોટી ખ્રિસ્તી મંડળી કે ધર્મસભા કહેવાય છે, તેના મિશનરી હર્ફોર્ડ મિસ સાહેબ હતાં. તેઓ મરાઠી ભાષામાં લખાયેલા "નવા કરાર" મને શીખવવા આવતાં હતાં. આ વખતે મેં અંગ્રેજી ભાષા પણ શીખવાનું શરૂ કર્યું હતું,પણ મને બરાબર બોલતાં કે લખતાં આવડતું ન હતું. તેઓ મને પ્રારંભિક વાચનની ચોપડીઓ શીખવતાં. પણ મને તો આ ચોપડીઓ કરતાં "નવો કરાર" શીખવામાં વધુ રસ પડતો હતો. રેવ. ગોરે નામના એક બીજા પાદરી સાહેબ હતા. તે વારંવાર આવીને મને હિન્દુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચેના તફાવત વિશે સમજૂતી આપતા. આ બન્નેના શિક્ષણથી મને ખૂબ લાભ થયો.

આ પ્રમાણે અભ્યાસ કરી મારી જિંદગી માટે પૂરેપૂરી સજ્જતા મેળવવા તથા શિક્ષણ મેળવવા હું ઈ.સ. ૧૮૮૩ની સાલમાં ઈંગ્લેન્ડ ગઈ. હું પહેલવહેલી ત્યાં ઊતરી વોન્ટેજ ગામની બહેનોની મંડળીને હું મળી. આ બહેનોમાંથી એકને હું સારી પેઠે ઓળખતી હતી, કારણ કે હું જ્યારે પૂનામાં હતી ત્યારે સેન્ટ મેરિસ હોલમાં હર્ફોર્ડ મિસ સાહેબે તેમની સાથે મારી ઓળખાણ કરાવી હતી. ત્યાં તેમને જોઈને આનંદ

થયો, તેઓ મને પોતાને ઘેર લઈ ગયાં. તેઓમાંથી એક મારાં આત્મિક માતા (Spiritual mother) બન્યાં. તેમણે મને વ્યવહારિક અને આત્મિક બંને પ્રકારની કેળવણી આપવાનું કામ શરૂ કર્યું. તે અને ચેલ્ટનમની બહેનોની કોલેજની માજી પ્રિન્સિપાલ મિસ બીલે મને મદદ કરી. એ બન્નેની હું સદાની દેવાદાર છું અને આભારી રહીશ. આ બન્ને સ્ત્રીઓએ મારી હવે પછીની જીંદગીમાં મદદરૂપ થઈ પડે, એવા વિષયો મને શીખવ્યા. તેઓ તરફથી મને મળેલું શિક્ષણ ખાસ આત્મિક હતું. તેઓનો માતૃભાવ, અને તેઓના ચારિત્ર્યની ઊંડી આત્મિક અસર, એ મારા ચારિત્ર્યના ઘડતરમાં ખૂબ મદદરૂપ થઈ પડયાં. આ બાનુની પ્યારભરી ખ્રિસ્તી સંભાળ હેઠળ પ્રભુએ મને મૂકી, માટે હું ઈશ્વરપિતાની સ્તુતિ કરું છું અને અંતઃકરણથી તેનો આભાર માનું છું.

એક વખત આ સ્ત્રીઓની ઉપરીએ (મધર સુપીરિયરે) લંડનમાં આવેલી બહેનોની શાખાસંસ્થામાં હવાફેર કરવા મને મોકલી. અહીં તેઓ સ્ત્રીઓ મધ્યે પ્રભુનું કામ જે કરતાં હતાં, તે ત્યાં મને બતાવવા લઈ ગયાં. તેમના સંરક્ષણ- ગૃહ (Rescue home)માં એ વખતે રહેલી કેટલીક સ્ત્રીઓને હું મળી. તેઓનામાં પૂરેપૂરું પરિવર્તન આવ્યું હતું, અને ખ્રિસ્તના પ્રેમની તથા દુઃખથી પીડાતી માનવજાતિ પ્રત્યેની કરુણાથી તેઓ એટલી બધી ભરપૂર હતી કે, તેઓએ પોતાની આખી જીંદગી તેને માટે સમર્પિત કરી હતી. મને પહેલવહેલી વાર જ જ્ઞાન થયું કે, પતિત સ્ત્રીઓને સુધારવા માટે ચોક્કસ પ્રયત્નો થવા જ જોઈએ. જે ખ્રિસ્તી લીકોને હિન્દુ લોકો નાતજાત વગરના, ધર્મ કે જ્ઞાતિ બહારના અને ક્રૂર સમજે છે, તેઓ જ અભાગી અને ઉતરતી ગણાતી સ્ત્રીજાતિ તરફ અગાધ પ્રેમ અને પ્રેમ બતાવે છે.

**ફૂલ્હામની સંસ્થા :-** "વધસ્તંભની બહેનો" (Sisters of the Cross) - (આ એક સંસ્થાનું નામ છે તેની બહેનો) કે જે ઉપર જણાવેલું દયાનું કામ ત્યાં રહીને કરતી હતી, તેની મુલાકાત કર્યા પછી મને એવો વિચાર થયો તે, આ કે ખરેખર હિન્દુ અને ખ્રિસ્તી ધર્મ વચ્ચે બહુ મોટો તફાવત છે. મેં મારી ધર્મશિક્ષિકાઓને પૂછયું કે, "તમારા ધર્મમાં એવી કઈ બાબત છે કે જે ખ્રિસ્તીઓને પતિત સ્ત્રીઓને સુધારવા માટે પ્રેરે છે?" આના પ્રત્યુત્તરમાં તેમણે મને "યોહાનની સુવાર્તા" ના ચોથા અધ્યાયમાંથી સમરૂની સ્ત્રી સાથેની ઈસુખ્રિસ્તની મુલાકાતની અસરકારક વાર્તા વાંચી સંભળાવી અને બરોબર સમજણ પાડી; તેની સાથે સાચી ભકિતનું શુદ્ધ સ્વરૂપ કેવું હોવું જોઈએ, તે પણ સમજાવ્યું. પાપીઓ ઉપર ખ્રિસ્તના અનહદ પ્રેમનું અજાયબ ચિત્ર મારી સામે તેમણે ખડું કર્યું. ઈસુખ્રિસ્તે કદીપણ પાપી લોકોને ધિક્કારીને કાઢી મૂક્યા નથી; કારણ કે, તેમનો ઉદ્ધાર કરવા - પાપીઓને તારવા- તે જગતમાં આવ્યા હતાં. હિન્દુ ધર્મશાસ્ત્રોમાં મેં આવું વર્ણન કદી પણ વાંચ્યું નથી, તેમ જ સાંભળ્યું પણ નથી. "યોહાનની સુવાર્તા" નો ચોથો અધ્યાય વાંચવાથી મને સંપૂર્ણ ખાત્રી થઈ કે, ખ્રિસ્ત ખરેખર એક દિવ્ય તારનાર કે મુક્તિદાતા છે. મારી અંગ્રેજ ધર્મશિક્ષિકા પોતે પણ કહેતાં હતાં કે, પાપીઓનો તારનાર એવો પ્રભુ ઈસુ બીજા દેશોમાંની શોષિત, કચડાએલી, ધિક્કારાએલી અને અધમ ગણાતી સ્ત્રી જાતિનાં મનોનું પરિવર્તન કરી પોતાની કૃપા વડે તેમને ઉચ્ચ દરજ્જો આપવા શકિતમાન છે.

આ કારણોને લીધે તેમ જ ઈસુ ખ્રિસ્તના અગાધ પ્રેમને લીધે હવે મારું મન ખ્રિસ્તી ધર્મ તરફ ખેંચાયું. વળી, રેવ. ગોરે લખેલી એક

ચોપડી વાંચવાથી મારી બુદ્ધિ પ્રમાણે આ ધર્મની સત્યતા વિષે વધારે પુરાવા સહિત મને ખાતરી થઈ. હું વોન્ટેજમાં બહેનો સાથે રહેતી હતી, તે દરમ્યાન મેં ચર્ચ ઑફ ઈંગ્લાન્ડના મિશનમાં ઈ.સ. ૧૮૮૩ની સાલમાં બાપ્તિસ્મા (જળસંસ્કાર) લીધું. હવે હું પહેલા કરતાં મુકાબલે વધારે સુખી થઈ, અને આ નવો ધર્મ જે બીજા બધાં ધર્મો કરતાં મને મારાં પહેલાં ધર્મ કરતાં મારા અનુભવ પ્રમાણે વધારે સારો છે, તે મળી આવવાથી મને અત્યંત આનંદ થયો. જો કે ખ્રિસ્તી ધર્મનો મારો સ્વીકાર કે પસ્તાવા દ્વારા મેં કરેલું ધર્મ પરિવર્તન મારાં મિત્રો અને સ્વદેશજનોને ખૂબ નારાજ કરશે, એની પણ મને પૂરી ખાત્રી હતી. આ પગલું ભરવાથી મને પાછળથી કદી પણ ખેદ કે પસ્તાવો થયો નથી.

## પ્રકાશનું પ્રાગટ્ય

જો પ્રભુ ઈસુ ખ્રિસ્ત મને વહેલા મળ્યા હોત તો મારું તારણ કે ઉદ્ધાર વહેલાં થયાં હોત. તેમાં બીજા કોઈનો વાંક ન હોત, પણ મારો પોતાનો જ વાંક હતો; કારણ કે શરૂઆતથી જ પ્રભુ ઈસુ મને પ્રગટ થવા જોઈતા હતા, પણ તે વખતે મારું જડ મન પવિત્ર શાસ્ત્રનો ઉપદેશ સમજી શકવા સમર્થ ન હતું. બાઇબલ મારી આગળ ખુલ્લું જ હતું, પણ મેં મારો વખત બાઇબલને લગતાં બીજાં પુસ્તકો વાંચવા પાછળ નકામો ગાળ્યો, અને શાસ્ત્રનો જે અભ્યાસ મારે કરવો જોઈતો હતો; તે મેં પડતો મૂક્યો. તેને લીધે પવિત્ર શાસ્ત્ર બાઇબલની કેટલીક અગત્યની બાબતોથી હું અજાણ રહી. અમેરિકાથી ભારત-મારા ઘેર પાછી આવ્યા પછી પવિત્ર શાસ્ત્રને લગતાં બીજાં પુસ્તકો વાંચવાં પડતાં મૂકી મેં બાઇબલને નિયમિત વાંચવાનું નક્કી કર્યું.

આ પ્રમાણે બે વરસ સુધી પવિત્ર શાસ્ત્રનું વાંચન મેં ચાલું રાખ્યું. મારા મનમાં અસંતોષ ઉત્પન્ન થયો, અને મારી આત્મિક સ્થિતિ જોઈ મને વધારે અસંતોષ થયો. એક દિવસ હું કંઈ કામસર "બોમ્બે ગાર્ડિયન" નામના મિશન છાપખાનામાં ગઈ. ત્યાં "મરણમાંથી જીવનમાં" એ નામની હેસ્લામ સાહેબે લખેલી પુસ્તિકા મેં લીધી. હેસ્લામ સાહેબ એક ખ્રિસ્તી ધર્મોપદેશક હતાં. આ પુસ્તિકામાં લખેલા તેમના પોતાના અનુભવો મેં ઘણી કાળજીથી વાંચ્યાં. તેઓ ચર્ચ ઓફ ઈંગ્લાંડ મિશનના ધર્મોપદેશક હોવાથી તેમને એક મોટા જીલ્લામાં સેવા કરવાની હતી, અને ખ્રિસ્તી ધર્મ સાથે સંબંધ ધરાવતી તમામ પ્રવૃત્તિઓમાં તેઓ ઉત્સાહથી ભાગ લેતા. એક વખતે તે સાહેબ એક બાનુ સાથે વાતચીત કરતાં હતા. તે બહેન બહુ જ આત્મિક તથા જ્ઞાની હતાં, અને તેમની મંડળીના સભાસદ હતાં. તે બાનુએ તેમને કહ્યું કે, "તમે મથાળેથી પહેલું ચણતર શરૂ કરવા પ્રયત્ન કરો છો." તે બાનુના બોલવાનો ભાવાર્થ એ હતો કે, તમે પોતે **અંગત રીતે** આત્મિક બદલાણ કે પરિવર્તન પામ્યા નથી અને **નવો જન્મ** તથા ખ્રિસ્તમાં જે તારણ છે, તેનો અનુભવ કર્યો નથી. હેસ્લામ સાહેબનું બદલાણ - આત્માનો નવો જન્મ અને ખ્રિસ્તને માટે તેમણે કરેલાં કામકાજ, એ વિષેનું વર્ણન મેં વાંચ્યું, ત્યારે મારી પોતાની આત્મિક સ્થિતિ કેવી છે, અને મને ખરેખર શાની જરૂર છે, તે વિષે મારા મનમાં વિચાર આવ્યો. મેં પવિત્રશાસ્ત્ર લીધું, અને તેમાંથી જુદા જુદા ભાગ કાઢીને વાંચ્યાં, અને જે સંદેશાઓ પ્રભુ મને આપતા હતા, તે સંબંધી હું એક ચિત્તથી મનન કરતી. પવિત્ર શાસ્ત્રની ઘણી બાબતો હું મારી બુદ્ધિથી સમજી શકતી નહિ, પણ એટલી

મને ખાતરી થઈ કે મને કેવળ ખ્રિસ્તી ધર્મ એકલાની જ જરૂર છે એમ નહિ, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત મારા હૃદયમાં વસે, **મારા અંગત તારનાર બને,** એની મને ઘણી જરૂર છે.

હિન્દુ ધર્મના જૂના વિચારોના સંસ્કાર હજી મારા મન પરથી છેક ભૂંસાઈ ગયા નહોતા; જેવા કે પાપનો પશ્ચાતાપ કરવો, તથા તેને છોડી દેવાનો નિશ્ચય કરવો, કેવળ એની જ પાપની માફી માટે જરૂર છે; અને બાપ્તિસ્માની ધર્મક્રિયા તે નવો જન્મ પામવાનો ઉપાય છે, જ્યારથી મેં ખ્રિસ્તના નામમાં બાપ્તિસ્મા લીધું, ત્યારથી જે મારાં બધાં પાપ વાસ્તવિક રીતે ધોવાઈ ગયાં. આ અને એના જેવા બીજા વિચારો મને આવતા, જે હિન્દુઓના મતને મળતા છે, તે મારા મનમાં જડ ઘાલી રહ્યા હતા. બાપ્તિસ્મા લીધા પછી કેટલાંક વરસ સુધી તો હું મારી હાલની સ્થિતિને પહેલાંની સ્થિતિ સાથે સરખાવતાં મુકાબલે પોતાને સુખી માનવા લાગી હતી ખરી, કારણ કે અત્યાર સુધી ખ્રિસ્તી ધર્મની ઉત્તમતાનો એટલો જ ખ્યાલ મને હતો કે, તે ધર્મમાં સમાનતા છે, સર્વને સમાનલાભ છે, સ્ત્રીપુરુષનો ભેદ, નાતજાત કે રંગના ભેદ, શ્રીમંત કે ગરીબના ભેદ એવું કશું એમાં નથી; અને એવો સર્વને સમાન હક આપનાર ધર્મ મને મળ્યો છે, માટે હું પોતાને ભાગ્યશાળી સમજવા લાગી.

બેશક, આ બધું તો ઠીક હતું, પણ જે એક વાત હું અત્યાર સુધી સમજી શકી નહોતી, તે એ હતી કે, "દેવની [કૃપા] થી તમે ઈસુ ખ્રિસ્તમાં છો, ઈસુ જ આપણે માટે ઈશ્વરદત્ત જ્ઞાન, ન્યાયીપણું,

પવિત્રીકરણ (પવિત્રતા) તથા ઉદ્ધાર થયો છે." (૧ કરિ. ૧:૩૦).પવિત્ર આત્માથી નવો જન્મ પામીને દેવનું બાળક થવાની અને દેવના દીકરા પરના વિશ્વાસથી ન્યાયી ઠરવાને ખ્રિસ્તમાં ને તેના પ્રાયશ્ચિત્તમાં મારો સંપૂર્ણ ભરોસો મૂકવાની જે જરૂર હતી , તે હું સમજી શકી નહોતી. આ અને બીજા કેટલાક મુદ્દા વિષે મારા વિચારો સ્પષ્ટ ન હતા. હું નિરાશ સ્થિતિમાં હતી. મને ખાતરી થઈ હતી કે, હું દેવને મળવાને તૈયાર નથી. પાપનું સામ્રાજ્ય મારા પર ફેલાયેલું હતું. હું દેવના આત્માથી દોરાતી ન હતી. તેથી દત્તકપુત્રપણાના આત્માને (ઈશ્વરના સંતાન થવાની વાત) પામી ન હતી, જેથી હું દેવનું બાળક છું, એવી સાક્ષી દેવનો આત્મા મારા આત્માની સાથે પૂરતો ન હતો. "કેમ કે જેટલા ઈશ્વરના આત્માથી દોરાય છે તે સૌ ઈશ્વરના દીકરા છે. કેમ કે, ફરીથી ભય લાગે એવો દાસત્વનો (ગુલામનો) આત્મા તમને મળ્યો નથી; પણ તમને દત્તકપુત્રપણાનો (પુત્રપણાનો) આત્મા મળ્યો છે, તેને લીધે આપણે 'આબ્બા' એટલે બાપ, એવું ઈશ્વરને પોકારી શકીએ છીએ. આપણા આત્માની સાથે પવિત્ર આત્મા પોતે સાક્ષી આપે છે, કે આપણે દેવના બાળકો છીએ." (રૂમી. ૮; ૧૪-૧૬).

હવે શું કરવું ? મારા વિચારો મને મદદ કરી શકતા ન હતા અને તેમણે મને કશી મદદ કરી પણ નહિ. છેવટે મારી પોતાની શક્તિ, બુદ્ધિ, સમજણ અને ડહાપણનો અંત આવ્યો. હવે મેં મને પોતાની બિનશરતે તારનારને શરણે કરી અને મારા ઉપર કૃપાળુ, થવા તથા મારું ન્યાયીપણું અને તારણ થવા તેમજ મારાં સર્વ પાપ લઈ લેવાને માટે મેં પ્રભુ ઈસુને આગ્રહપૂર્વક, પ્રાર્થના સાથે વિનંતી કરી.

જે માણસોને પોતાનાં પાપની ખાતરી થઈ છે, અને જેવી રીતે દેવ તેઓને જુએ છે તેવી રીતે જેમણે પોતાના મનને સંપૂર્ણ રીતે જોયું છે, તેઓ જ કેવળ સમજી શકે છે કે, જ્યારે પાપનો અસહ્ય બોજ અંતઃકરણ પરથી ગબડી પડે છે, ત્યારે કેવી અદ્‌ભુત લાગણી થાય છે! જે વખતે હું સંપૂર્ણ રીતે પ્રભુ ઈસુ તારનારને શરણ થઈ, ને મને ખાતરી થઈ કે ખરા દ્રાક્ષવેલામાં-ઈસુ ખ્રિસ્તમાં એક ડાળી થવા માટે મારો સ્વીકાર કરવામાં આવ્યો છે, તે વખતથી હું મારા તારનાર ઈસુ ખ્રિસ્તમાં દત્તકપુત્રપણાની રૂએ દેવનું બાળક થઈ ચૂકી, તે વખતે મને જે લાગણી થઈ તેનું વર્ણન કરવાને હું અશક્ત છું. એનું વર્ણન થઈ શકે જ નહિ. મુજ પાપી માટે જે પ્રભુએ જે બધું કર્યું છે તે જો કે અવર્ણનીય છે તો પણ મુજ પાપિષ્ઠ પરની મહાન કૃપાને લીધે મારે તેની સ્તુતિ કરવી જોઈએ અને ઈશ્વરનો ઉપકાર માનવો જોઈએ. સૌથી પહેલું, પાપ કેટલું ભૂંડું છે તે, અનંતકાળિક નરકાગ્નિના જે ભયંકર જોખમમાં હું હતી તે, તેથી દેવનો અગાધ પ્રેમ, કે જે વડે તેણે "જગત પર એટલો પ્રેમ કર્યો કે તેણે પોતાનો એકનો એક દીકરો આપ્યો." તે, અને તેમાંએ વળી, આ દીકરાએ પાપોને માટે પ્રાયશ્ચિત થવા માટે પોતાને આપી દીધો - સ્વાર્પણ કર્યું - આ સર્વ બાબતો પ્રભુએ મને સ્પષ્ટ રીતે સમજાવી; કારણ કે, ઈશ્વરથી પ્રેરાયેલો પ્રેરિત કહે છે કેઃ- "ઈશ્વરપિતાની પાસે આપણો મધ્યસ્થ - આપણી વાત રજૂ કરનાર - છે, એટલે ઈસુ ખ્રિસ્ત જે ન્યાયી છે તે; અને તે આપણાં પાપનું પ્રાયશ્ચિત છે, અને કેવળ આપણાં જ નહિ, પણ આખા જગતનાં પાપનું ઈસુ ખ્રિસ્ત પ્રાયશ્ચિત્ત છે." (૧ યોહાન ૨: ૧,૨).

પવિત્ર શાસ્ત્ર કહે છે કે તેમનો પ્રેમ પામવાને હું લાયક થાઉં

ત્યાં સુધી પ્રભુ ઈસુ રાહ જોઈને બેસી રહેતા નથી, પણ હું લાયક ન હોઉં તોપણ તે પોતાના પ્રેમને મારા પર વરસાવે છે. વળી, તે એમ પણ કહે છે કે, ઈસુ ખ્રિસ્તમાં નર કે નારી એવો કંઈ ભેદ નથી; એટલે "દેવનું ન્યાયીપણું જે ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ વડે સર્વ વિશ્વાસ કરનારાઓ ને માટે છે તે; કેમ કે એમાં કંઈ પણ ભેદ નથી; કારણ કે સઘળાંએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે બધા અધૂરાં રહે છે; પણ ઈસુ ખ્રિસ્તથી જે ઉદ્ધાર છે તેની મારફતે દેવની કૃપાથી તેઓ વિનામૂલ્યે (મફતમાં જ) ન્યાયી ગણાએલા છે. દેવે ઈસુને જ તેના રક્ત પરના વિશ્વાસથી પ્રાયશ્ચિત થવા માટે ઠરાવ્યો, જેથી દેવની સહનશીલતાથી અગાઉ થયલાં પાપની માફી વિષે દેવ પોતાનું ન્યાયીપણું દેખાડે, એટલે તે સાંપ્રત (વર્તમાન) કાળમાં તે પોતાનું ન્યાયીપણું દેખાડે, જેથી પોતે ન્યાયી રહીને ઈસુ પર વિશ્વાસ રાખનારને ન્યાયી ઠરાવનાર થાય." (રૂમી. ૩: ૨૨-૨૬).

મારાં વાંચકવર્ગને જેમાં ઘોર અંધકાર સિવાય બીજું કાંઈ જ ન હોય તેવી એક કાળી અંધારી કોટડીમાં પુરાઈ રહેવાનો, અને ત્યાં પોતાને અતિશય જરૂર હોય એવી કોઈ વસ્તુની શોધખોળ કરવાની જરૂર હોય એમ હું ધારતી નથી. યોહાનની સુવાર્તાના ૯મા અધ્યાયમાં જે આંધળા માણસનું વૃતાંત આપેલું છે, તે વગર હું બીજા કોઈનો વિચાર કરી શકતી નથી. તે માણસ આંધળો જ જનમ્યો હતો, અને અંધ સ્થિતિમાં જ તેનાં ચાળીસ વરસ વીતી ગયાં, પણ જયારે એકાએક તેને સર્વશક્તિમાન પ્રભુ ઈસુ મળ્યો ત્યારે તેમણે તેની અંધ આંખો ઉઘાડી. આ જન્મથી આંધળો માણસ કદી પણ લેશ માત્ર જોઈ શકે એવી બિલકુલ

આશા નહોતી, પણ જયારે તે દિવસના અજવાળાને જોઈ શક્યો ત્યારે તેને જે આનંદ થયો તેનું વર્ણન કોણ કરી શકે! દુનિયાની બધી ભાષાઓના બધા શબ્દો ત્યાં ઓછા પડે! જયારે મારી આત્મિક આંખો ઊઘડી, જયારે મેં "અંધકારમાં બેઠેલીએ મહાન અજવાળું જોયું" અને જયારે મને ખાતરી થઈ કે, હું જ થોડી જ પળો પહેલાં "હું મરણની છાયાના પ્રદેશમાં બેઠેલી હતી, તેનામાં અજવાળું પ્રગટ થયું." ત્યારે મને કેવી લાગણી થઈ, તેનો કેવળ ઝાંખો ભાસ હું આપી શકું છું. હું પણ એ માણસના જેવી હતી કે, જેને કહેવામાં આવ્યું હતું કે, **"ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા, એટલે તે કૂદીને ઊભો થયો અને ચાલવા લાગ્યો; ને ચાલીને ને કૂદીને દેવની સ્તુતિ કરતો તે તેઓની સાથે મંદિરમાં ગયો."**

હું પાપની ગુલામીમાંથી અને મરણના ભયમાંથી છુટકારો પામું એ માટે **મારે બદલે વધસ્તંભ કે ક્રોસ પર ઊંચા કરાયેલા અને તે પર અસહ્ય પીડા ભોગવી મરણ પામેલા દેવના ધન્ય દીકરા ઈસુ ખ્રિસ્ત તરફ મેં જોયું, અને મને જીવન મળ્યું.** આ કેવો અજાયબ પ્રેમ! મુજ પાપી માટે દેવનો કેવો અવર્ણનીય પ્રેમ! જે પ્રેમને લીધે તેમણે પોતાનો એકનો એક દીકરો ઈસુ ખ્રિસ્ત મારે માટે મૃત્યુ પામવા મોકલ્યો ! હું આ પ્રેમને લાયક ન હતી, પણ એને લીધે તેણે આ પ્રેમ મારા પ્રત્યે દર્શાવ્યો, અને મારા વહાલા વાંચક, તમારા ઉપર પણ એજ પ્રમાણે ઈશ્વર પ્રેમ કરે છે.

જે જૂઠી ભાવનાઓ અને વિચારો હું છેક બચપણથી રાખતી હતી, તે કરતાં પ્રભુની સત્યતા કેટલી બધી જુદી! મારી જૂઠી અને જૂની

ભાવનાઓ તો આ હતી કે, વર્તમાન કે ભવિષ્યકાળનું સુખ મેળવવા માટે, સ્વર્ગનો આનંદ પામવા માટે અને મોક્ષગતિ કે ઉદ્ધારની ન કલ્પી શકાય એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મારે તેને યોગ્ય પુણ્યકર્મો કરવાં જોઈએ, પણ આ વાનાં મેળવવાની આશા રાખવી એ મારે માટે તો કેવળ નકામું જ હતું.

હિન્દુ ધર્મશાસ્ત્રો અને ધર્મશાસ્ત્રીઓ કહે છે કે, સ્ત્રીઓ પતિઓની સેવાચાકરી કરે અને હરિજનો તથા દલિત લોકો ઉચ્ચ કહેવાતા બ્રાહ્મણોની સેવાચાકરી કરે તો જ સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે. પણ સ્વર્ગનાં સુખ તેઓને માટે લાંબો વખત ટકતાં નથી, કેમ કે છેવટની ધન્ય - પરમસુખની - સ્થિતિ તો બ્રાહ્મણ માટે જ ઠરાવેલી છે, તે ધન્યમય સ્થિતિ આ નીચલા દરજ્જાનાં મનુષ્યો માટે નથી. હે આશારહિત સ્ત્રીઓ, હરિજનો અને અન્ય પીડિત-શોષિત લોકો, આ ધન્ય પુસ્તક એટલે ખ્રિસ્તીઓનું પવિત્ર શાસ્ત્ર કહે છે કે, “આપણે હજી નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે **અધર્મીઓને માટે ખ્રિસ્ત મરણ પામ્યો.** હવે ન્યાયી માણસને માટે ભાગ્યે જ કોઈ મરે; સારા માણસને માટે તો કોઈ એક કદાપિ મરવાને પણ છાતી ચલાવે, **પણ આપણે જ્યારે પાપી હતાં ત્યારે ખ્રિસ્ત આપણે માટે મરણ પામ્યો.** કારણ કે એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. જ્યારે આપણે શત્રુ હતા, ત્યારે દેવની સાથે તેના દીકરાના મરણદ્વારા આપણો તેની સાથે મિલાપ થયો.” (રૂમી. ૫: ૬-૧૦). દેવે પોતાના એકનાએક પુત્રને જગતમાં મોકલ્યો કે, આપણે તેનાથી જીવીએ, એ પરથી આપણા પર દેવનો પ્રેમ પ્રગટ થયો. આપણે દેવ પર પ્રેમ રાખ્યો એમાં પ્રેમ નહિ, પણ તેણે આપણા પર પ્રેમ રાખ્યો અને **પોતાના પુત્રને આપણાં પાપનું પ્રાયશ્ચિત**

**થવા માટે મોકલ્યો, એમાં પ્રેમ છે.**(યોહાન ૪: ૯-૧૦).

કેવો મનોહર અને વર્ણન ન થઈ શકે એવો શુભ સંદેશ! મારા જેવી સ્ત્રી માટે- એવી સ્ત્રી કે જે હિન્દુસ્તાનમાં ઉત્તમ ગણાતી બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ પામેલી, છતાં પોતાના ધર્મમાં જેને માટે કંઈ જ આશા નહોતી, તેને માટે અને મારા જેવી હજારો આશારહીત સ્ત્રીઓ માટે આ કેવા સારા સમાચાર! પવિત્ર શાસ્ત્ર પોકારીને જાહેર કરે છે કે, ઈસુ ખ્રિસ્તે આ મોટું તારણ કોઈ અમુક જ જ્ઞાતિ કે જાતિને માટે સંઘરી રાખ્યું નથી "પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરાં થવા માટે અધિકાર આપ્યો. તેઓ લોહીથી નહિ, **કે દેહની ઈચ્છાથી નહિ, કે માણસની ઈચ્છાથી નહિ, પણ દેવથી** (આત્માનો નવો) જન્મ પામ્યા" (યોહા. ૧:૧૨,૧૩). "કેમ કે દેવની જે કૃપા સઘળાં માણસોનું તારણ કરે છે તે પ્રગટ થઈ છે"(તીતસ ૨: ૧૧). "પણ દેવ આપણા તારનારની દયા તથા માણસો પરનો તેનો પ્રેમ પ્રગટ થયો ત્યારે આપણાં પોતાનાં કરેલાં ન્યાયીપણામાંનાં કૃત્યોથી નહિ, પણ તેની દયાથી...તેણે આપણને તાર્યા" (આપણો ઉદ્ધાર કર્યો) (તીતસ ૩: ૪,૫). આ તારણ અથવા સાર્વકાળિક જીવનને માટે કોઈ અમુક જ્ઞાતિ, જાતિ, કોમ કે માણસ પર આધાર રાખવાનો નથી; પણ પ્રભુપુત્ર પર કે, જેમને ઈશ્વરે "આપણાં પાપનું પ્રાયશ્ચિત" થવા આપ્યા તેમના માટે આધાર રાખવાનો છે. જે કોઈ વિશ્વાસ કરે તે સર્વને એક સરખી રીતે ઉદ્ધાર **મફત મળે છે, અને આ તારણ હાલમાં મેળવી શકાય છે. તે સંબંધમાં લેશમાત્ર પણ શક નથી.** લાખો અને કરોડો જન્મજન્માંતરના ફેરા ફરવા અને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે બ્રાહ્મણ પુરુષ તરીકે જન્મ પામવો, એટલા લાંબા કાળ સુધી

મારે રાહ જોઈ બેસી રહેવું પડ્યું નહિ. વળી ત્યારે શું? આવા મોક્ષ પ્રાપ્તિથી કશા આનંદ અને સુખની આશા રાખી શકાય? ના. આખરે તો શૂન્ય-બ્રહ્મમાં મળી જવા સિવાય બીજું કંઈ જ નહિ.

પ્રભુ ઈસુ - દેવનો દીકરો કહે છે :- "હું તમને ખાતરીપૂર્વક કહું છું કે, જે મારાં વચન સાંભળે છે, અને મને મોકલનાર પર વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; તે અપરાધી નહિ ઠરશે, પણ **તે મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે"** (૧ યોહાન ૫: ૨૪). "જો આપણે માણસોની સાક્ષી માનીએ છીએ, તો એ કરતાં દેવની સાક્ષી મોટી છે, કેમ કે દેવે પોતાના પુત્ર સંબંધી જે સાક્ષી આપી છે તે એજ છે. જે દેવના પુત્ર પર વિશ્વાસ રાખે છે તેના પોતાનામાં તે સાક્ષી છે; જે દેવ પર વિશ્વાસ રાખતો નથી તેણે તેને જૂઠો પાડ્યો છે, કેમ કે, દેવે પોતાના પુત્ર વિષે જે સાક્ષી આપી છે, તે સાક્ષી પર તેણે વિશ્વાસ રાખ્યો નથી. એ સાક્ષી એવી છે કે, દેવે **આપણને અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે.** જેને દેવનો પુત્ર છે તેને જીવન છે; જેને દેવનો પુત્ર નથી તેને જીવન નથી. તેમને અનંતજીવન છે એ તમે જાણો, માટે તમારા ઉપર, એટલે દેવના પુત્રના નામ પર વિશ્વાસ રાખનારા ઉપર, મેં આ વાતો લખી છે."(૧ યોહા. ૫: ૯-૧૩).

બાઈબલની વાતોથી પવિત્ર આત્માએ મને ખાતરીપૂર્વક સ્પષ્ટ કરી આપ્યું કે, ખ્રિસ્તના મારફતે તે તારણ કે મુક્તિ આપે છે તે હાલમાં જ -વર્તમાનમાં જ મુક્તિ મળે છે. ભવિષ્યની રાહ જોવી પડતી નથી. મેં આ વાત માની કે તરત મને તારણ મળ્યું, અને તારણ-ઉદ્ધારના આનંદથી હું ભરપૂર થઈ. જો તમે પણ વિશ્વાસ કરશો તો તમને પણ એજ તારણ અને આનંદ અત્યારે જ પ્રાપ્ત થશે.

# બીજાંઓને કહેવું યાને સુવાર્તાનો પ્રચાર

## પ્રકરણ ચોથું

આજથી સોળ વરસ ઉપર મારી જિંદગી નવી રીતે શરૂ થઈ. તે વખતથી હું પ્રભુ ઈસુ ખ્રિસ્તને મારા પોતાના અંગત તારનાર તરીકે સારી રીતે ઓળખું છું અને તેના મધુર મિલનથી મળતા આનંદને અનુભવું છું. મારી જિંદગી આનંદથી ભરપૂર છે. "કેમ કે પ્રભુ યહોવા-ઈસુ ખ્રિસ્ત-મારું સામર્થ્ય તથા ગીત છે. તે વળી મારું તારણ કે ઉદ્ધાર થયો છે. ત્યારે તમે આનંદસહિત તારણના-મુક્તિના- ઝરાઓમાંથી પાણી ભરશો" (યશા. ૧૨ :૩). એ વાત કહેવામાં પ્રબોધકનો શો ભાવાર્થ છે તે હું સમજી શકું છું. મને પણ બાઈબલમાંની સમરૂની સ્ત્રીની માફક લાગણી થાય છે કે, આ સમરૂની સ્ત્રી પોતાની ગાગર મૂકીને શહેરમાં ગઈ અને તે પોતાના લોકોને કહે છે કે, 'આવો, જેટલું મેં કર્યું તે બધું જેણે મને કહી દેખાડ્યું તે માણસને જુઓ; તેજ ખ્રિસ્ત કે મુક્તિદાતા છે કે શું ?' (યોહા. ૪: ૨૮-૨૯).

પ્રભુ ઈસુએ જે મહાભારત કે  મહાન કામો મારા માટે કર્યા છે, તે મારે બધાં મનુષ્યોને કહી બતાવવાં જોઈએ. કારણ કે, મને સંપૂર્ણ ખાતરી છે કે, જ્યારે મારા જેવી એક પાપીનો બચાવ કરવાનું તેને શક્ય છે ત્યારે બીજાંઓને બચાવવા માટે તે સંપૂર્ણ શક્તિવાન છે. આ કારણને લીધે પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે, પાપીઓ પરના તેમના અગાધ પ્રેમ વિષે, અને પાપીઓને તારવાની તેમની પ્રચંડ શક્તિ વિષે લોકોને કહેવાની, શુભસંદેશનો પ્રચાર કરવાની મારી ફરજ છે.

આ વિષયમાં હું મારી પોતાની વાત આટલી બધી લખું છું; પણ તેને લીધે મારો વાંચકવર્ગ મને દોષિત ઠરાવશે નહિ, એવી આશા હું જરૂર રાખું. કોઈપણ વ્યક્તિના અંતઃકરણના અનુભવો એવા પૂજનીય હોય, કે તેઓને જાહેર કરી ન શકાય, ત્યારે શા માટે મારે આ પ્રમાણે તેઓને જાહેર કરવા જોઈએ ? કેમકે "એમ કરવું તે મારી ફરજ છે, જો હું સુવાર્તા (શુભસંદેશ) પ્રગટ ન કરું, તો મને અફસોસ છે!"(૧ કોરિં. ૯: ૧૬) મારાથી બની શકે તેટલાં બધાં સ્ત્રીપુરુષોને સુવાર્તા પ્રગટ કરવાની મારી ફરજ છે કે, ઈસુ ખ્રિસ્ત મારા જેવા પાપીઓને તારવા માટે આવ્યો. તેણે જ મારું તારણ કર્યું છે. તારનારની સ્તુતિ થાઓ! હું જાણું છું કે, "જેઓ એમની (પ્રભુઈસુ) મારફતે દેવની પાસે આવે છે, તેઓને સંપૂર્ણ રીતે તારવાને એ સમર્થ છે; કેમ કે ઈસુ તેઓ માટે મધ્યસ્થી કરવા માટે સદાકાળ જીવતો રહે છે. "(હેબ્રી. ૭: ૨૫).

પ્રભુએ મને સ્વાભાવિક રીતે એવું મન આપ્યું કે, દરેકે દરેક ધાર્મિક અને સાંસારિક બાબતો હું તપાસી જોતી હતી. જે ધર્મમાં મારો જન્મ થયો હતો તે ધર્મને પણ મેં ઘણા અનુભવથી - ઊંડાણથી - દરેક રીતે તપાસી જોયો હતો, અને મારી જાણમાં હોય એવી કોઈ પણ બાબતને બારીકીથી તપાસ્યા વગર રહેવા દીધી નથી. કેવળ પુસ્તકો વાંચીને જ નહિ પણ તેમાં જે જે ફરમાવેલું છે તેનો જાતે અમલ કરીને મેં દરેક બાબત તપાસી જોઈ.મેં બીજાં ઘણાંને પણ એ જ પ્રમાણે કરતાં જોયાં છે. પણ દુઃખની વાત છે, કે એથી તેઓનું તારણ થયું નહિ, તેમજ ક્રિયાકાંડોથી મારું પણ તારણ થયું નહિ, એ મને ખાતરીપૂર્વક માલૂમ પડ્યું. મારા આત્માની ખરી જરૂરિયાતોએ મને ખ્રિસ્ત ભણી દોડી જવાની ફરજ પાડી હતી. અમારા

બાપદાદાથી ચાલતો આવેલો ધર્મ પુરાતન ધર્મ છે, એવો ગર્વ મારામાં હતો, તે મારે હવે છોડી દેવો પડ્યો. જો કે મારાં બીજાં દેશવાસીઓ સારી રીતે જાણે છે કે પોતાના જૂના ધર્મથી તેઓ તારણનો આનંદ પામ્યા નથી, પામતાં નથી અને પામશે નહિ; તોપણ એજ પ્રકારનું ધાર્મિક અભિમાન તેઓને પણ ખ્રિસ્તને શોધવાથી અટકાવે છે. ખ્રિસ્ત સિવાય બીજા કશાથી તેઓ કદી પણ એવો દિવ્ય આનંદ પામવાનાં નથી.

મને ખાતરી છે કે, ભારતમાં ઘણાં આત્માઓ ભૂખ્યા છે, અને કદાપિ તેઓમાંના કેટલાંએકને આ મારો હેવાલ વાંચવાથી ફાયદો થશે. એવાં ભાઈબહેનોને હું આગ્રહ કરીને કહું છું કે, ઉતાવળ કરી આગળ આવો, અને દેવનો અથાગ અને અનંત પ્રેમ જે ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ કરવામાં આવ્યો છે તેનો સ્વીકાર કરો; અને "એટલું મોટું તારણ," જે દેવ મફત આપે છે, તેને પડતું ન મૂકો (હેબ્રી. ૨: ૧-૩). "બીજા કોઈથી તારણ (ઉદ્ધાર) નથી; કારણ કે, જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી" (પ્રે.કૃ. ૪:૧૨).

એ માટે મોટાઈમાં તણાઈને અથવા પૂર્વગ્રહોથી ડરીને કે બીજી કોઈ મુશ્કેલીઓથી ડરીને વખત ગુમાવશો નહિ. કદાપિ તમને નાત બહાર મૂકવામાં આવે, નજીકનાં સગાંવહાલાં તજી દે, અને તમારી સતાવણી કરે, આ દુનિયાની મોટાઈ અને ધન ગુમાવવું પડે, તોપણ તેની કશી ચિંતા કરશો નહિ. ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાથી અને માણસોની આગળ તેને કબૂલ કરવાથી તેનામાં જે તારણ પામશો તેની કિંમત તમે કરેલા સર્વ ત્યાગ કરતાં અનેકગણી વધારે છે; તે કરતાં પણ વિશેષ છે, કારણ કે આ જગતનું બધું ધન, તેના સર્વ લાભ અને આ જગતનો બધો આનંદ એ બધું

એકઠું મળીને પણ "તારણના આનંદ" ની સાથે સરખામણી કરી શકાય તેમ નથી.

વળી, બીજી રીતે જોતાં જો તમને બીજા મરણદંડની શિક્ષા કરવામાં આવે, અને તેને લીધે તમારે સદાસર્વકાળ અગ્નિસાગરમાં- કે જેનું વર્ણન થઈ શકે નહિ, તેમજ જ્યાંથી ફરી છુટકારો થતો નથી એવી જગામાં કે જહન્નમમાં વેદના ભોગવતાં રહેવું પડે, તો જગતનું બધું ધન અને તેની બધી મોટાઈ તેમને શા ઉપયોગનાં છે? કારણ કે, જો માણસ આખું જગત મેળવે, ને પોતાના આત્માની હાનિ પામે, તો તેને શો લાભ થાય? વળી, માણસ શું આપીને પોતાનું સાચું જીવન પાછું મેળવશે? (માર્ક ૮: ૩૬-૩૭).

વહાલાં ભાઈબહેન, હું તમને આગ્રહ કરીને કહું છું કે, તમે ઉતાવળ કરીને ખ્રિસ્તની મારફતે દેવની સાથે મિલાપ કરી લો, કારણ કે ન્યાયકરણનો (Judgement- કયામત કે અંતિમ ન્યાયનો મહામોટો દિવસ આપણા ઉપર ઘણી ઝડપથી આવે છે, માટે ઉતાવળ કરો, અને દેવનો કોપ, જેને તમે અને હું ન્યાયની રૂએ લાયક છીએ, તેનાથી નાસી છૂટો. "ઈશ્વર પ્રેમ છે." તે તમારે માટે ધીરજથી રાહ જોયા કરે છે કે તમે તેના મોટા તારણનો અંગીકાર કરો, તેથી "તેના ઉપકારની, સહનશીલતાની તથા વિપુલ ધીરજની સંપત્તિને" તમે તુચ્છ ન ગણો... અને જાણો કે, "દેવનો ઉપકાર તમને પસ્તાવો કરવા તરફ પ્રેરે છે"(રૂમી. ૨:૪).

મને જ્યારથી ઈસુ ખ્રિસ્ત મળ્યા ત્યારથી જે જે મારા જીવનમાં બન્યું તે બધું જો કહેવા બેસું તો વાત ખૂબ લાંબી થઈ જાય. રેવ. પેન્ટીકોસ્ટ,

રેવ. હેસ્લામ, વાઈલ્ડર, રીવ અને અન્ય ખ્રિસ્તી ધર્મગુરુઓએ ભરેલી સભાઓથી મને મારી આત્મિક જિંદગીમાં ઘણી મદદ મળી. ઈ.સ. ૧૮૯૫માં લોનાવાલા કેમ્પમાં રેવ. ગેલ્સન ગ્રેગસને ચલાવેલી ધાર્મિક સભામાં બેસવાથી મને આત્મિક ટેકો કે સમર્થન મળ્યું.

હવે મારામાં પવિત્ર આત્માની હાજરી આવવાથી તે જ મને દોરતો અને શીખવતો હતો, તેથી મને બહુ જ આશીર્વાદ મળ્યો. ગી.શા. ૩૨:૮ માં જે મધુર વચન પ્રભુએ આપ્યું છે તેનો મને અનુભવ થયો છે, એટલે "કયે માર્ગે તારે ચાલવું તે હું તને શીખવીશ તથા બતાવીશ; મારી નજર તારા પર રાખીને હું તને બોધ આપીશ."

ઈશ્વરનું દરેક વચન યોગ્ય રીતે સમજવા માટે અને તેની આજ્ઞાઓ પાળવા માટે પવિત્ર આત્માએ મને શીખવ્યું. હું ઘણી વખતે નિષ્ફળ ગઈ છું, પણ ઈશ્વર કોમળતાથી મને ઠપકો આપે છે, અને મારા દોષ દર્શાવે છે. ઘણી વખત જુદી જુદી રીતે મને શિક્ષા કરવાની જરૂર જણાઈ છે ત્યારે તે શિક્ષા કરે છે. તેનું વચન છે કે "ન્યાયની રૂએ તેને શિક્ષા કર્યા વગર જવા દઈશ નહિ" (યર્મિ. ૩૦:૧૧).

મારામાં ઘણી મર્યાદાઓ અને ખામીઓ છે. પણ પ્રભુ પોતાને યોગ્ય લાગે તેવી રીતે દરેકને સુધારે છે. દરેક જે કંઈ બને છે તેમાં દેવનો હાથ છે, એવી મનની સમજણથી પુષ્કળ મદદ મળે છે, અને કચકચને કંઈ સ્થાન રહેતું નથી. હું જયારે જયારે પ્રભુની વાણી ધ્યાન દઈને સાંભળું છું ત્યારે ત્યારે મને અતિ આનંદ થાય છે, અને મારાં બધાં કામકાજ પર પ્રભુનો પુષ્કળ આશીર્વાદ આવે છે. વિશ્વાસની મુશ્કેલીઓ અને દુઃખની કસોટીઓ પણ મોટા આશીર્વાદરૂપ નીવડે છે.

ઈ. સ. ૧૮૯૧ની સાલથી મેં મારી અબળતામાં પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો છે, અને હંમેશા મને માલૂમ પડ્યું છે કે, લોકોની આગળ ઈસુ ખ્રિસ્ત વિશે અને પાપીઓ પરના તેના મોટા પ્રેમ વિષે કહી બતાવવું એમાં જ ખ્રિસ્તી જિંદગીનો મોટામાં મોટો આનંદ રહેલો છે. આશરે બાર વરસ પહેલાં મેં "ચીન દેશની અંદરનાં મિશનોની વાર્તા," "જયૉર્જ મ્યૂલરનો દેવની સાથે વહેવાર," અને "ધી ન્યુ હેબ્રીડિસ મિશનના સ્થાપક - જોન જી. પેટનનું જીવનચરિત્ર" એ ઉત્તેજનદાયક પુસ્તકો વાંચ્યાં. આ ત્રણે મહાપુરુષો- હડસન ટેલર, મ્યૂલર, અને પેટન એક બીજાથી થોડાં થોડાં વરસના અંતરે મૃત્યુ પામ્યા છે તારનારની સાથે રહેવા ગયા છે - તેઓના અનુભવોમાંથી મારા પર ઘણી આત્મિક અસરો થઈ. તેઓનાં જીવનવૃત્તાંતો વાંચ્યા પછી મને વિચાર થયો કે, ઈશ્વર પર ભરોસો રાખવાથી બીજા દેશોમાં જેવાં મહાભારત કામ થઈ શકે છે તેવાં કામો હિંદુસ્તાનમાં પણ ઈશ્વર પર ભરોસો રાખવાથી શું ન થઈ શકે? મને એવી ઘણી જ ઇચ્છા થઈ કે, આપણા દેશમાં એવા કેટલાંક મિશનોની સ્થાપના થાય તો સારું. આવાં મિશનો ઈશ્વર પોતાના લોકો પ્રત્યે કેવો વિશ્વાસુ છે તે વિષે, અને પવિત્ર શાસ્ત્ર જે જે વાત કહે છે તે બધી સત્ય છે તે વિષે, વ્યવહારિક રીતે સાક્ષી પૂરનાર થાય.

મેં મારા મનને ફરીફરીને પ્રશ્ન કર્યો કે કેટલાક ખ્રિસ્તી ધર્મગુરુઓએ પાદરી સાહેબોએ કેમ બહાર પડીને આ દેશમાં **વિશ્વાસ-મિશનો** કે મિશનરી સંસ્થાઓ સ્થાપ્યાં નહિ હોય? ત્યારે પ્રભુએ મને કહ્યું કે, "બીજા કોઈ આવીને એ કામ કરે એવી ઇચ્છા કરવાને બદલે તું તારી પોતાની જ મેળે એ કામ કરવાનું કેમ શરૂ કરતી નથી? કોઈપણ મુશ્કેલ કામ પોતે કરવાને બદલે

બીજો કોઈ આવીને તે કામ આપણે માટે કરે એવી ઇચ્છા રાખવી, એ વાત કોઈ પણ વ્યક્તિને બહુ સહેલી લાગે છે." આ "ધીરા મીઠા પ્રેમી અવાજે" મારી સાથે વાત કરીને મને ઠપકો આપ્યો.

હિંદુસ્તાનમાં વિશ્વાસી-મિશનો છે, એવી ખબર મને તે વખત સુધી નહોતી, પણ પછીથી મેં જાણ્યું કે આ દેશમાં પણ થોડાં વિશ્વાસી-મિશનો કે મિશનરી સંસ્થાઓ કામ કરે છે, અને દરિયામાં બંધાયેલી ભયસૂચક મોટી દીવાવાંડીઓની માફક તેમને અહીંતહીં સ્થાપન કરવામાં આવ્યાં છે, તે માટે હું પ્રભુનો ઉપકાર માનું છું.

ઈ.સ. ૧૮૯૬ની સાલના પાછલા ભાગમાં જ્યારે ભારત દેશમાં ભયંકર દુકાળ પડ્યો, ત્યારે દૈહિક અને આત્મિક આશીર્વાદો માટે એકલા ઈશ્વર પર ભરોસો રાખી હું બહાર પડી, અને એક નવું કામ શરૂ કરવા હું પવિત્ર આત્માથી દોરવાઈ. હું મારા આખા અંતઃકરણથી સાક્ષી આપું છું કે, પ્રભુ મને હંમેશાં વિશ્વાસુ માલૂમ પડ્યા છે. "જે તમને આમંત્રણ આપે છે તે વિશ્વસનીય - વિશ્વાસપાત્ર છે" (૧ થેસ્સા. ૫: ૨૪). આ સોનેરી વચન ખ્રિસ્તના જીવન-રક્ત વડે મારા હૃદય પર લખાયેલું છે. પ્રભુએ મારે માટે અગણિત મહાભારત કામો કર્યા છે. મારા પર જે પ્રેમ તે રાખે છે તેને હું લાયક નથી. ગી.શા. ૧૦૩: ૧૦ માં લખેલું છે કે, "ઈશ્વર આપણાં પાપ પ્રમાણે આપણી સાથે વર્ત્યો નથી, અને આપણા અન્યાયના પ્રમાણમાં તેણે આપણને બદલો વાળ્યો નથી," એ વાત સત્ય છે એવી ખાતરી હું આપી શકું છું.

ગયાં સોળ વરસથી, અને તેમાંય વળી, ખાસ કરીને પાછલો

દસકો કે જ્યારથી ઈશ્વરની કૃપા દ્વારા મહારાષ્ટ્રમાં મુક્તિ મિશન હયાતીમાં આવ્યું છે ત્યારથી પ્રભુ મને જે જે શીખવતો આવ્યો છે, તેમાંની કેટલીક બાબત હું અહીં ટાંકું છું.

૧. પોતાને શરણે આવેલાંઓ માટે આવાં કાર્યો કરનાર તારા સિવાય બીજો કોઈ દેવ કોઈએ કદી કાને સાંભળ્યો નથી કે કોઈ માનવી આંખે જોયો નથી (યશાયા ૬૪:૪).

૨. ઈશ્વરનું પ્રત્યેક વચન તેમનામાં 'હા' રૂપે મૂર્ત થયેલું છે અને તેથી આપણે તેમના દ્વારા ઈશ્વરના મહિમાને અર્થે 'આમીન' બોલીએ છીએ. (૨ કરિંથી ૧:૨૦).

૩. "કેમ કે દેવનાં કૃપાદાન તથા તેડું (આમંત્રણ) રદ જાય એવાં નથી- એ અફર છે" (રૂમી. ૧૧:૨૯).

૪. "તેઓનો અવિશ્વાસ શું દેવના વિશ્વાસુપણાને નિરર્થક કરે?" (રૂમી. ૩:૩)

૫. "પ્રભુનો મર્મ તેના ભક્તોની પાસે છે, તેઓને તે પોતાનો કરાર જણાવશે" ( ગી.શા. ૨૫:૧૪).

૬. "ઈશ્વરના પુત્ર ઈસુંનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે."(૧ યોહા. ૧:૭).

૭. "આ વાત વિશ્વાસપાત્ર તથા સંપૂર્ણ સ્વીકારવા યોગ્ય છે કે, ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવા માટે જગતમાં આવ્યા, એવા પાપીઓમાં હું મુખ્ય છું" (૧તિમો. ૧:૧૫). ટૂંકમાં, તારનાર તેના પવિત્ર આત્માની

મારફતે પવિત્ર શાસ્ત્રની વાત અને તેમનાં ચમત્કારિક કામોના મર્મો મને રોજ શીખવે છે. દેવની વાતો હું નિર્વિવાદ રીતે માનું છું, અને અનુભવથી મને માલૂમ પડ્યું છે કે તે બધી સત્ય છે, તેને લીધે હું ઈશ્વરની સ્તુતિ કરું છું. અને તેનો ઉપકાર માનું છું.

પ્રભુએ જ્યારથી મને વિશ્વાસમાં આગળ પગલું ભરવાને તેડી, અને તે તેડા કે આમંત્રણનો મેં સ્વીકાર કર્યો ત્યારથી મને અતિ આનંદ થયો છે. આત્મિક જીવન, શારીરિક તંદુરસ્તી, સલાહ, ખોરાક, પાણી, વસ્ત્ર અને જિંદગીની દરેક જરૂરિયાત એ સર્વને માટે કેવળ તેના જ ઉપર હું આધાર રાખું છું. ટૂંકમાં, ફિલિ. ૪:૬-૧૯ માં તેમજ પવિત્ર શાસ્ત્રમાં બીજી જગાઓમાં લખેલાં પ્રભુનાં સર્વ વચનો અજમાવી જોતાં તે બધાં સત્ય છે, એમ માલૂમ પડે, તો તે શું ઓછો ધન્યવાદ છે? "કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે ઉપકારસ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો." (ફિલિ. ૪:૬).

"તને મિસર દેશમાંથી - પાપની ગુલામીમાંથી - કાઢી લાવનાર તારો ઈશ્વરપ્રભુ હું છું;તારું મુખ ઉઘાડ, એટલે તે હું ભરીશ" (ગી.શા.૭૧:૧૦).

•

"માણસ પર ભરોસો રાખવા કરતાં પ્રભુ પર આધાર રાખવો સારો છે. રાજાઓ પર ભરોસો રાખવા કરતાં પ્રભુ ઉપર આધાર રાખવો સારો છે" (ગી.શા.૧૮:૮,૯).

મારો બધો બોજો પ્રભુ ઉપર નાખી દેવાથી હું સર્વ સંતાપથી મુક્ત બનું છું. મુક્તિ આશ્રમમાં કન્યાઓ તથા વિધવાઓ મળીને ૧૫૦૦

ઉપરાંતની અહીં વસ્તી છે. (ઈ.સ. ૧૯૦૭ માં આ લખાયું હતું) અમે ધનવાન નથી, મોટા નથી, પણ અમે સુખી છીએ; કારણ કે અમને અમારી રોજની રોટલી બારોબાર અમારા સ્વર્ગધામી ઈશ્વરપિતાના પ્રેમી હાથથી મળે છે : રોજની જરૂરિયાત ઉપરાંત એક પૈસો સરખો અમારી પાસે વધતો નથી, કોઈ બેંક ખાતે પૈસા નથી. દુનિયા તરફથી મળતી મિલકત કે થતી આવક નથી, પણ અમે અમારો બધો આધાર પ્રભુ બાપ-પુત્ર ઈસુખ્રિસ્ત અને પવિત્ર આત્મા ઉપર રાખીએ છીએ. કોઈ તરફથી ડરવાનું, કંઈ પણ ગુમાવી બેસવાનું અને કશાને માટે ચિંતા કરવાનું અમને કારણ નથી. **કેમ કે પ્રભુ ઈસુ અમારે મન અમારે માટે - "અખૂટ ખજાનો" છે.**

"સનાતન દેવ તે તારું રહેઠાણ છે ને તારી નીચે અનંત ભુજો છે" (પુન. ૩૩: ૨૭).

અમે તેના હાથમાં નિર્ભયપણે રહીએ છીએ, અને અમારી સાથેના સઘળા વ્યવહારમાં ઈશ્વર પ્રેમી તથા વિશ્વાસુ માલૂમ પડ્યા છે. આવા બાપ- ઈસુ ખ્રિસ્ત- તરફ મને જે આભારની લાગણી થાય છે, તેમ જ તેના ઉપકારીપણાથી જે આનંદ મારામાં ઊભરાય છે, તેનું વર્ણન મારા શબ્દ વડે હું શી રીતે કરી શકું?

"હે મારા આત્મા, પ્રભુને સ્તુતિપાત્ર માન, મારા ખરા અંતઃકરણ, તેના પવિત્ર નામને સ્તુતિપાત્ર માન. રે મારા આત્મા, પ્રભુને સ્તુતિપાત્ર માન; તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા. **તે તારા સઘળાં પાપ માફ કરે છે, અને તારા સર્વ રોગ મટાડે છે, તે તારો જીવ નાશથી બચાવે છે,**

અને તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે. તે ઉત્તમ વસ્તુથી તારા મોઢાને તૃપ્ત કરે છે, જેથી ગરૂડની પેઠે તારી જુવાની તાજી કરાય છે" (ગી.શા. ૧૦૩; ૧-૫).

## અમેરિકામાં

ઓગણીસ વરસ ઉપર (ઈ.સ.૧૮૮૮) માં આજ જુલાઈ માસમાં જે કેટલાક ભલા મિત્રો ભારતની સ્ત્રીઓનું હિત ઇચ્છતા હતા, તેઓ તરફથી મને અમેરિકા જવાનું આમંત્રણ મળ્યું. તે સ્વીકારી હું અમેરિકામાં ફિલાડેલ્ફીઆથી ઊપડી સાનફ્રાન્સિસ્કો શહેર ગઈ. અહી હું ચાર મહિના કરતાં વધારે વખત રહી; પછીથી જાપાન અને ચીન દેશના રસ્તે થઈ મુંબઈ આવવા "સોનેરી દરવાજા" એટલે સાનફ્રાન્સિસ્કોથી મેં મારી દરિયાઈ સફર શરૂ કરી.

પરમ ઉપકારી પ્રભુએ મને અમેરિકામાં વિશ્વાસુ અને સાચા મિત્રો આપ્યા. તેઓએ મને મારે સેવા કામમાં મદદ કરવાનું વચન આપ્યું. શરૂઆતમાં મારો વિચાર માત્ર શાળા - શિક્ષણ કે કેળવણી આપવાનો જ હતો અને મારી નિશાળમાં ભણતી વિદ્યાર્થીનીઓને ગમે તે ધર્મ પાળવાની છૂટ આપવાનો હતો. મુંબઈથી ઊતર્યા પછી તરત જ **વિધવાશ્રમ** ખોલવો, એ ઈરાદાથી તેને માટે મેં બધી યોજના ઘડી કાઢી હતી.

હવે સાનફ્રાન્સિસ્કોથી ઊપડવાનો દિવસ આવી પહોંચ્યો. મને તો લાગ્યું કે હું કોઈ અજાણ્યા દેશમાં લોકો મધ્યે જાઉં છું. મારી આગળું બધું મને અંધકારમય જણાવા લાગ્યું . મેં ઘૂંટણે પડીને આપણા સ્વર્ગના

ઈશ્વરપિતાની માયાળુ સંભાળ નીચે પોતાને સોંપી અને મારી દરિયાઈ સફર શરૂ કરી.

તે વખતે મારી ધર્મભાવના એટલી તો અચોક્કસ હતી કે મરણ પછી હું સ્વર્ગમાં જઈશ કે નરકમાં, તેની મને સંપૂર્ણ ખાતરી ન હતી. થોડા જ વખત પર ધરતીકંપથી અમેરિકાના સાનફ્રાન્સિસ્કો પર મહાન વિપત્તિ આવી પડી હતી, અને ચીનમાં આવેલા હોંગકોંગના બારામાં ત્યાંના મનુષ્યો પર પણ મોટી આફત આવી પડી હતી, તે ખબર જ્યારે મેં સાંભળી ત્યારે મને કેવી લાગણી થઈ તેનું વર્ણન હું કરી શક્તી નથી. આ વરસો દરમિયાન પ્રભુએ મને જીવતી રાખી, અને ધરતીકંપો તથા ત્રાસદાયક આફતો મારા પર આવવા દીધી નહિ. તેથી હું પ્રભુનો ઘણો ઉપકાર માનું છું. કારણ કે જો એવું કંઈ થયું હોત, તો મારું શું થાત? કેમ કે ત્યારે પ્રભુને મળવા હું તૈયાર ન હતી. આ બંને સ્થળોમાં રહેતા લોકો પ્રત્યે હું ઊંડી દિલાસોજી અને સહાનુભૂતિ ધરાવું છું; અને પ્રભુની પ્રાર્થના કરું છું કે સાનફ્રાન્સિસ્કો અને હોંગકોંગમાંની આફતોમાંથી જેઓ ઊગરી ગયા છે તે દરેકનો પ્રભુ બચાવ કરો; અને તેમની મદદ કરો.

સાનફ્રાન્સિસ્કોથી ઊપડતાં અને મુંબઈના કિનારે ઊતરતાં મેં મારા મનમાં એવો નિર્ણય કર્યો હતો કે, મારા આશ્રમમાં રહેનારી બાળાઓને જો કે સીધેસીધી રીતે ખ્રિસ્તીધર્મનું શિક્ષણ આપવાનો મારો વિચાર નથી એ સાચું, તોપણ હું દરરોજ તેમની આગળ પવિત્ર શાસ્ત્ર કે બાઇબલમાંથી મોટેથી વાંચીશ, અને ખ્રિસ્તના નામમાં એકલા સાચા દેવની પ્રાર્થના કરીશ, જેથી કરીને મારા દેશની ભાવિ સ્ત્રીઓ તે જોઈને તથા સાંભળીને સત્ય ધર્મ અને તારણોપાય કે ઉદ્ધારની યોજના વિષે પૂછપરછ કરવા દોરાય.

અઢાર ઓગણીસ વરસ ઉપર મેં **મુક્તિમિશન આશ્રમનું** કામ શરૂ કર્યું, ત્યારે મારી નિશાળમાં બહારથી ભણવા આવનારી કેવળ બે જ છોકરીઓ હતી. કોઈને ખ્રિસ્તી થવાનો આગ્રહ કરવામાં આવતો નહિ, તેમ જ કોઈને પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવાની ફરજ પણ પાડવામાં આવતી નહિ; પરંતુ ધર્મવિષયક બીજાં પુસ્તકો સાથે લાઈબ્રેરીમાં પવિત્ર શાસ્ત્ર કે બાઈબલ પણ મૂકવામાં આવતું હતું. ખરા પ્રભુની ભલાઈ તથા પ્રેમ વિષે રોજ અપાતી સાક્ષીએ ઘણાં અંતઃકરણોમાં નવીન વિચાર જાગ્રત કર્યા.

અમારી નિશાળને દસ વરસ થયા બાદ અમારા બંધારણમાં સહેજસાજ ફેરફાર કરવામાં આવ્યો . એટલે હવે અમારી નિશાળોમાં ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ પાછું દાખલ કરવામાં આવ્યું; પરંતુ એ શિક્ષણ લેવું કે કેમ, તે વિષે દરેક વિદ્યાર્થી પોતાના અંતઃકરણના સૂચવ્યા મુજબ કરે, એટલે તેમને સંપૂર્ણ છૂટ આપવામાં આવી છે, છતાં દરેક પોતાની રાજીખુશીથી એ શિક્ષણ લે છે.

જ્યારથી કન્યાઓ અને સ્ત્રીઓ માટે મારા આશ્રમના દરવાજા ખુલ્લા મૂકવામાં આવ્યા છે, ત્યારથી અહીં આવેલી સેંકડો સ્ત્રીઓને મારી જ માફક ઈસુ ખ્રિસ્ત મળ્યો છે. તેઓ સર્વ પોતે જ પોતાને માટે વિચાર કરવા શક્તિમાન થઈ છે. જીવતા દેવની વાતો વાંચવાથી તેમની આત્મિક આંખો ઊઘડી ગઈ છે, અને તેઓમાંથી ઘણાં પ્રભુના માન તથા મહિમાને માટે હૃદયથી બદલાઈને તારણ પામ્યાં છે. મારા પ્રેમ અને પ્રાર્થનાથી મારી સેંકડો બહેનો ખરી રીતે તારણ કે ઉદ્ધાર પામેલી છે, એ જોઈને હું પ્રભુનો ઉપકાર માનું છું. જુદા જુદા દેશોમાંના પ્રભુના હજારો વિશ્વાસુ સેવકો અમ

દરેકને માટે નિરંતર પ્રાર્થના કર્યા કરે છે, તેઓની વિશ્વાસુ પ્રાર્થનાઓના જવાબમાં આ બધું ઈશ્વરથી થયું છે.

ઈ.સ. ૧૯૦૫ની શરૂઆતમાં એક ખાસ પ્રાર્થનામંડળ (Prayer Group) ની શરૂઆત કરવાનું પ્રભુએ મને સૂચવ્યું. અમે લગભગ ૭૦ જણ આ ખાસ પ્રાર્થનામંડળમાં હતાં. ભારત અને બીજા દેશોમાંના સર્વ ખ્રિસ્તી માણસોનાં મનોમાં સાચું પરિવર્તન આવે એ માટે પવિત્રઆત્માની પુષ્કળ વૃષ્ટિ થાય એ માટે અમે રોજ તેની કૃપાથી સવારે પ્રાર્થના કરતાં હતાં. અમે પ્રાર્થના કરવાનું શરૂ કર્યું ત્યારથી છ મહિનામાં પ્રભુએ અમારી મધ્યે અને આ દેશની બીજી દિશાઓ તથા મંડળીઓ મધ્યે પવિત્રઆત્માની ધર્મજાગૃતિ મોકલી. આનું પરિણામ ખૂબ સંતોષકારક આવ્યું છે, કારણ કે આશ્રમના અમારાં સેંકડો છોકરી - છોકરાંઓમાંથી કેટલાક છોકરાંઓ અને છોકરીઓ ખરેખરી રીતે તારણ પામ્યાં છે, અને તેઓમાંના ઘણાં પ્રભુની સેવા કરે છે; અને ઘર આગળ તથા અન્ય સ્થળોમાં ઈસુખ્રિસ્તની સાક્ષી આપે છે.

પ્રભુ કહે છે કે "મારું પારખું કરી જુઓ કે પરીક્ષા તો લઈ જુઓ" (માલાખી ૩:૧૦) એમાં બતાવ્યા મુજબ પ્રભુના દાવાનો મેં પ્રત્યુત્તર વાળ્યો છે, અને તે મને ખરેખર વિશ્વાસું અને સાચાં માલુમ પડ્યા છે. હું જાણું છું કે તે પ્રાર્થના સાંભળનાર અને તેનો જવાબ આપનાર દેવ છે. 'મારાં લોકો કદી લજ્જિત થશે નહિ.' (યોહાન ૨ : ૨૬) આ અને બીજાં હજારો તેના વચન સત્ય છે, હા, ઈશ્વરના સર્વ વચનો સત્ય છે. મારાં વાંચકો, હું તમને વિનંતી કરું છું કે તમે પણ મારી માફક ઈશ્વરનું પારખું લઈ જુઓ.

"અનુભવ કરો અને જુઓ કે પ્રભુ - ઈસુ ખ્રિસ્ત - ઉત્તમ છે; જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે! પ્રભુનાં સંતો પ્રભુનું ભય રાખો; કેમ કે પ્રભુનું ભય રાખનારને કશી ખોટ પડતી નથી. સિંહના બચ્ચાંને તંગી પડે છે ને ભૂખ વેઠવી પડે છે; પણ જેઓ પ્રભુને શોધે છે તેઓને કોઈપણ સારાં વાનાંની અછત પડશે નહિં." (ગી. શા. ૩૪ : ૮-૧૦).

પ્રભુનો આભાર માનો કેમ કે તે ઉત્તમ છે, તેની કૃપા સદાકાળ ટકે છે એ પ્રમાણે પ્રભુથી છોડાવેલાંઓએ બોલવું, એટલે જેઓને તેણે શત્રુના હાથમાંથી છોડાવ્યાં અને દેશે દેશથી એટલે પૂર્વથી તથા પશ્ચિમથી, ઉત્તરથી તથા દક્ષિણથી, તેઓને એકઠાં કર્યા. રણમાં (ઇઝરાયેલીઓ) તેઓ ઉજ્જડ માર્ગે ભટક્યાં, તેઓને વસવાનું શહેર મળ્યું નહિં. (રણમાં) ભૂખ્યા તથા તરસ્યાં થવાથી તેઓના પ્રાણ આકુળ વ્યાકુળ થઈ ગયાં. પોતાના સંકટમાં તેઓએ પ્રભુને પોકાર કર્યો. પ્રભુએ તેમને દુઃખમાંથી છોડાવ્યાં. તેણે તેઓને સીધે માર્ગે દોર્યા, કે તેઓ વસવાલાયક નગર પહોંચે. આ તેની કૃપા તથા માણસ જાતને માટે તેમનાં આશ્ચર્યકારક કૃત્યો ધ્યાનમાં રાખીને માણસો પ્રભુની સ્તુતિ કરે તો કેવું સારું ! કેમ કે તે તરસ્યાં જીવને સંતોષ પમાડે છે, અને ભૂખ્યા આત્માને તે ઉત્તમ વાનાંથી તૃપ્ત કરે છે. (ગી.શા. ૧૦૭ : ૧ - ૯).

ઉપર લખેલાં પવિત્રશાસ્ત્રનાં મૂલ્યવાન વચનો મારામાં અને મારાં જે છે તેઓમાં અક્ષરેઅક્ષર પૂરાં કરવામાં આવ્યાં છે. હું પ્રભુની સ્તુતિ કરું છું. કારણ કે તેણે અમારે માટે મહાભારત કામો કર્યાં છે, હાલેલૂયાહ! આમીન.

મારાં આત્માનું તારણ થયું ત્યારથી જે ઉત્તમમાં ઉત્તમ સત્ય હું શીખી છું તે એ કે, **પ્રભુ ઈસુ ખ્રિસ્ત બીજી વાર આવશે.** પવિત્રશાસ્ત્રમાં બતાવ્યા મુજબ હું ખરી રીતે માનું છું કે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન નજીક છે; તે અવશ્ય આવશે જ, અને વિલંબ કરશે નહિં. છેલ્લા દસ વર્ષમાં થયેલી નિશાનીઓએ મને તેની રાહ જોવાનું શીખવ્યું છે.

જેમનું મુક્તિમૂલ્ય ચૂકવાયું છે તેમની આગળ પ્રભુ ઈસુ ખ્રિસ્ત જેમણે આપણું મુક્તિ મૂલ્ય ચૂકવ્યું છે તે પ્રગટ થવાનાં છે, એ માટે કે તેઓ પ્રભુ ઈસુની સાથે રહે આવી આશા મારા મનમાં ઉપજવાથી મારાં ખ્રિસ્તી જીવનમાં મને બહુ સહાય મળી છે. પ્રભુ ઈસુના પુનરાગમન વિષેના મોટા વચન માટે તેમજ જાગતાં રહીને પ્રાર્થના કરો એવી તેમની સલાહ માટે હું પ્રભુની સ્તુતિ કરું છું.

ઈસુ ખ્રિસ્ત કહે છે કે, "માટે જાગતાં રહો કારણ કે, તમે જાણતાં નથી કે કયે દિવસે તમારાં પ્રભુ આવશે."(મા. ૨૪ : ૪૨)

"સાવધાન રહો, જાગતાં રહીને પ્રાર્થના કરો; કેમ કે તે સમય (પ્રભુ ઈસુના આગમનનો સમય) ક્યારે આવશે તે તમે જાણતાં નથી." (માર્ક ૧૩ : ૩૩).

એક દિવસ જેવી હું મારાં સાંજના કામ પર ચઢવા માટે તૈયાર થતી હતી તેવામાં જ મારાં સાથી કામદારમાંથી એક માણસ ઓફિસના બારણાંમાં આવી ઊભો, અને તેની પાછળ પૂના જીલ્લાના મહે. કલેક્ટર આવી ઊભા. તેઓએ મને કહ્યું કે, "મુંબઈના નામદાર ગવર્નર સાહેબ તમારા આશ્રમની મુલાકાત લેવા આવ્યાં છે." હું એકાએક આશ્ચર્ય પામી,

કારણ કે, આવી એક ઓછી જાણીતી, અને કોઈપણ પ્રકારની ખ્યાતિ નહિં ધરાવનારી સંસ્થા, કે જેણે કંઈ પણ મોટા કામ કરી પ્રખ્યાતિ મેળવી ન હતી, તેમજ દેશના મોટા મોટા માણસોનો પ્રેમ મેળવવા કંઈપણ પ્રયાસ કર્યો ન હતો, તેની મુલાકાત લેવા મહારાષ્ટ્રના નામદાર ગવર્નર સાહેબ આવે એવું મેં કદી ધાર્યું ન હતું. થોડી પળમાં મારું આશ્ચર્ય ઓછું થયું અને મને સંપૂર્ણ આનંદ થયો કારણ કે, નામદાર ગવર્નર સાહેબ જો કે એક મોટા અમલદાર હતાં, તેમ છતાં તેમની રીતભાત સાદી અને અકૃત્રિમ હતી.

મહારાષ્ટ્રના સહુથી મોટામાં મોટા માણસ અમારાં આશ્રમમાં આવી જે કોઈ તેમને મળે તે દરેકને પ્રેમથી સલામ કરી આગળ ચાલતાં; ગવર્નરે આશ્રમની દરેક નાની મોટી બાબત વિષે ભાવથી પૂછપરછ કરી. અહીં જે જે કંઈ હતું તે સંબંધી તે પૂરેપૂરા વાકેફગાર હોય, એમ જણાયું. મિશનના બધા નાના-મોટા ભાગો તપાસ્યા પછી તેઓ અમને છેલ્લી સલામ કરી જતાં રહ્યાં. આ બનાવ ખૂબ અજાયબ અને આનંદજનક હતો. અમારી મુલાકાત અને અમારી પ્રત્યે ગવર્નરે બતાવેલ પ્રેમ અમે કદી પણ ભૂલી જઈશું નહિ.

આવી રીતે ઓચિંતા ગવર્નર સાહેબ અમારી મુલાકાત લેશે, એવું અમે જાણતાં ન હતાં. તેથી તેમને મળવાની કંઈ તૈયારી અમે કરી ન હતી; તેથી અમે જે હાલતમાં હતાં તે જ હાલતમાં તેઓએ અમને જોયાં; કેટલાક આશ્રમવાસીઓ આમતેમ ફરતાં હતાં, કેટલાંક પોત પોતાનું કામ બરાબર કરતાં હતાં, કેટલાંક ભોંયતળીયું વાળતાં હતાં, કેટલાંક આળસુની માફક જયાં ત્યાં બેસી રહ્યાં હતાં, અને કેટલાંક ઘરનાં બીજા કામકાજ કરતાં હતાં. વળી, કેટલાંક સ્વચ્છ કપડાં પહેરેલાં હતાં, જયારે કેટલાંક તો

ફાટેલાં તૂટેલા કપડાં પહેરેલાં હતાં, વાળ પણ ઓળ્યાં વગરનાં હતાં. કેટલાંકે પોતાનાં સેવાકાર્યોમાં અને બીજા કામધંધામાં પોતાના મન પૂરી રીતે પરોવ્યાં હતાં, ત્યારે કેટલાંક આળસુ અને અચોક્કસ વિચારનાં બની ટગર-ટગર જોઈ રહ્યાં હતાં!

ગવર્નર સાહેબ આશ્રમમાં પધાર્યા તે દરમ્યાન તેઓ અમારાં મન પર એક ખૂબ સારી છાપ મૂકીને ગયાં, ત્યાર પછી મારાં મનમાં એક મોટો વિચાર આવ્યો કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત એક દિવસે એજ પ્રમાણે આવશે, અને આપણાંમાંના જેઓ તેને મળવા માટે તૈયાર હશે તેઓ તેની સાથે રહેવા માટે આકાશમાં ઊંચકાઈ જવાનો આનંદ અનુભવશે જેથી આપણને કશાનો ભય ન રહે અથવા જે શેતાની બાબતો છે તેમાંનું કંઈપણ આપણાંમાં ન હોય તો કેવું સારું! જો આપણે આપણાં ધન્ય તારનારની સાથે કહી શકીએ કે, "આ જગતનો અધિકારી (શેતાન) આવે છે, અને મારામાં તેનો કોઈ લાગભાગ નથી", તો કેવું સારું!

"દેવની જે કૃપા સઘળાં માણસોનું તારણ કરે છે (મુકિત આપે છે) તે પ્રગટ થઈ છે તેથી આપણને એવું શિક્ષણ મળે છે કે, અધર્મ અને વિષયવાસનાનો ત્યાગ કરીને હાલના જમાનામાં સંયમથી, પ્રમાણિકપણે તથા ભકિતભાવ રાખીને વર્તવું; અને ધન્ય આશાપ્રાપ્તિની ઘડીની અને મહાન દેવ તથા આપણાં તારનાર ઈસુ ખ્રિસ્તના મહિમાનાં પ્રગટ થવાની વાટ જોવી; ઈસુ ખ્રિસ્તે આપણે માટે પોતાનું બલિદાન આપ્યું હતું કે જેથી સર્વ અન્યાયથી તે આપણો ઉદ્ધાર કરે, અને આપણને પવિત્ર કરીને પોતાને માટે ખાસ પ્રજા તથા સર્વ સારાં કામ કરવાને આતુર એવાં લોકો તરીકે

તૈયાર કરે." (તિતસ ૧૧ : ૧૪)

"તમે સાવધાન રહેજો, રખેને ભોગવિલાસ, નશાબાજી તથા ચિંતાથી તમારાં મન જડ ન થઈ જાય એ જોજો. જેથી તે દિવસ ફાંસલાની પેઠે તમારાં પર ઓચિંતો આવી પડે. કેમ કે તે દિવસ આખી પૃથ્વી પરનાં સર્વ વસનારાં પર આવી પડવાનો જ છે. હર વખત જાગતાં રહો અને વિનંતી કરો કે, આ બધું જે થવાનું છે, તેમાંથી બચી જવા માટે તથા માણસના દીકરાની આગળ ઊભા રહેવાને તમે પ્રબળ થાઓ." (લૂક ૨૧ : ૩૪-૩૬).

મારે માટે પ્રભુએ જે કંઈ કર્યું છે એ બધું જો હું લખવા બેસું તો તે પુસ્તક એટલું મોટું થઈ જાય કે કોઈથી પૂરેપૂરું વંચાય નહિં. તેથી મેં મારા આત્મિક અનુભવોનો અહેવાલ જેટલો બની શકે તેટલો ટૂંકો કરવાનો પ્રયત્ન કર્યો છે. મારાં પ્રત્યે પ્રભુએ જે જે ઉપકારો કર્યાં છે તેની સાક્ષી હું આપી શકી છું માટે હું પ્રભુનો ઉપકાર માનતાં ખુશી થાઉં છું. મારા દેશજનો - સ્ત્રી પુરુષોની મોટી અને આત્મિક જરૂરિયાતો શી શી છે તે મારાં વાંચકો સંપૂર્ણ રીતે ભાગ્યે જ સમજી શકશે. આ દેશના લોકો પાપમાં ડૂબેલા અને ઘોર અંધકારમાં બેઠેલા છે. પ્રકાશનો પિતા તેના પસંદ કરેલા ઉપદેશકોની મારફતે તેઓ પર પ્રકાશ અને જીવન મોકલો એવી મારી પ્રાર્થના છે. ઈસુ ખ્રિસ્ત અને તેનું મહાન તારણ, જે સર્વને મફત લેવાનું કહે છે, તેના સાક્ષીઓ આપણે જોઈએ છે.

વહાલાં ભાઈ બહેનો, તમારાંમાંનાં જે કોઈને આ મારી સાક્ષી

સાંભળવાનો કે વાંચવાનો પ્રસંગ મળે, તેને મારી ખાસ વિનંતી છે કે આપણાં દેશબંધુઓને ઈસુખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવાની તમારી ખાસ ફરજ છે એવું બરાબર સમજો, કે જેથી તેઓમાંના દરેક પોતાની ભૂંડાઈથી અને મલિનતાથી ઈસુ ખ્રિસ્તના પવિત્ર લોહી વડે ધોવાઈને શુદ્ધ થાય, ને ભારતવાસીઓને તારણનો ખરો રસ્તો જડે.

મારાં વાંચકોમાંથી જેઓ હજી સુધી તારણ કે ઉદ્ધાર પામ્યાં નથી તેઓને માટે મારી પ્રાર્થના છે કે તેઓ આપણાં ધન્ય તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાની આત્માની મુક્તિને અર્થે શોધે અને તે તેઓને જડે.

"આપણી નાગરિક્તા આકાશમાં છે (આપણું મૂળવતન તો સ્વર્ગ છે.) ત્યાંથી પણ આપણે તારનારની, એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની રાહ જોઈએ છીએ" (ફિલિપ્પી ૩ : ૨૦).

"જેણે આપણાં પર પ્રેમ રાખ્યો છે અને પોતાના રક્ત વડે આપણને આપણાં પાપથી મુક્ત કર્યાં; અને દેવ એટલે પોતાના પિતાને સારું આપણને યાજકોનું.(પુરોહિતોનું) રાજ બનાવી દીધાં છે તે ઈસુ ખ્રિસ્તને મહિમા તથા અધિકાર સદા સર્વકાળ સુધી હોજો." (પ્રક. ૧ : ૫-૬).

**રમાબાઈ**

**મુકિત મિશન, કેડગાંવ**
**પુના જીલ્લો**
**જુલાઈ ૧૯૦૭.**

| | | |
|---|---|---|
| ૨૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૨૫ | કરંથિઓનો પહેલો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૨૬ | કરંથિઓનો બીજો પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૨૭ | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૨૮ | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૨૯ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૩૦ | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩૧ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૩૨ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૩૩ | કવો-વાડીસ | ૩૦-૦૦ |
| ૩૪ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૩૫ | ધી-રોબ | ૩૫-૦૦ |
| ૩૬ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૩૭ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩૮ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૩૯ | યાત્રાકારી ભાગ - ૧ | ૨૦-૦૦ |
| ૪૦ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૪૧ | જીવન જીવી જાણનારા અપંગો | ૨૦-૦૦ |
| ૪૨ | શરણાગતી | ૨૦-૦૦ |
| ૪૩ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૪૪ | બેનહર | ૩૦-૦૦ |
| ૪૫ | વિલ્યમકેરી | ૧૫-૦૦ |
| ૪૬ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૪૭ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૪૮ | કલશોર | ૨૦-૦૦ |
| ૪૯ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૫૦. | સાચો મિત્ર | ૨૫-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૧ | તમારા સંજોગોનો સંચાલક | |
| ૫૨ | વધસ્તંભની વાટે | |
| ૫૩ | ઉત્પત્તિ અને ઇત્ક્રાતિવાદ | [illegible] |
| ૫૪ | જખમઅને જીવન | ૩૦-૦૦ |
| ૫૫ | યાત્રાકારી ભાગ - | ૨૩૦-૦૦ |
| ૫૬ | વાટને વિસામો | ૪૦-૦૦ |
| ૫૭ | વિશ્વ વ્યાપી જળપ્રલય | ૩૦-૦૦ |
| ૫૮ | પ્રાર્થનાજંલી | ૦૫-૦૦ |
| ૫૯ | ઉત્પત્તિનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬૦ | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૬૧ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૬૨ | બાઈબલનો શબ્દકોશ | ૫૦-૦૦ |
| ૬૩ | હિબ્રુઓને પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૬૪ | એ શી તરોહનું માણસ છે ? | ૩૦-૦૦ |
| ૬૫ | જનસામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૬૬ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૬૭ | અયૂબ | ૬૦-૦૦ |
| ૬૮ | ઈસુના પગલે પગલે | ૨૦-૦૦ |
| ૬૯ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૭૦ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૭૧ | હેનરી માર્ટીન | ૦૮-૦૦ |
| ૭૨ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૭૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૭૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |

3BGP2

મુદ્રક : મિલેનિયમ સર્વિસીસ, અમદાવાદ - ૮.     ફોન : ૨૭૭ ૩૯ ૬